સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 32**

[01/08/21 to 07/08/21]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


આજે જ DOWNLOAD કરો ICE APPLICATION

"ICE CLICKS"

ICE APP
ICE CLICKS
ડાઉનલોડ કરો
Google Play

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**01 SUNDAY**

- દિવસ મહિમા : 01 ઓગસ્ટ, (1) ઓગસ્ટ મહિનાનો પ્રથમ રવિવાર : 'ફ્રેન્ડશિપ ડે' (2) મુસ્લિમ મહિલા અધિકાર દિવસ ..... 02
- 1મી 7 ઓગસ્ટ : વિશ્વ સ્તનપાન સપ્તાહ ..... 02
- લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરસ્કાર ..... 03
- ફેક્ટરિંગ રેગ્યુલેશન (એમેન્ડમેન્ટ) બિલ, 2021 ..... 03
- QUESTION ANSWERS ..... 05

**02 MONDAY**

- સુશ્રી પી.વી સિંધુએ ઓલિમ્પિકમાં બેડમિન્ટનમાં બ્રોન્ઝ મેડલ જીતી ઈતિહાસ રચ્યો ..... 06
- પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં નવી ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ e-RUPI લોન્ચ કરી ..... 07
- કોવિડ- 19 માંથી રિકવરી માટે ભારત અને યુ.કે 'અશ્વગંધા'નું ક્લિનિકલ ટ્રાયલ કરશે ..... 08
- QUESTION ANSWERS ..... 10

**03 TUESDAY**

- ભારત-બાંગ્લાદેશ વચ્ચે વાણિજ્ય રેલ્વે લિંકની પુનઃ સ્થાપના ..... 11
- દેડકાની નવી પ્રજાતી : મિનરવેરિયા પેન્ટાલી ..... 12
- બેરોજગારીના કારણે આત્મહત્યા પર NCRB એ ડેટા જાહેર કર્યો ..... 13
- QUESTION ANSWERS ..... 14

**04 WEDNESDAY**

- રાજ્યપાલની ક્ષમાદાનની સત્તા અને CrPCની કલમ 433- A ..... 15
- ભારતીય મહિલા બોકસર સુશ્રી લવલીના બોરગોહેને ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીત્યો ..... 17
- QUESTION ANSWERS ..... 18

**05 THURSDAY**

- શ્રી રવિ દહિયાએ ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો ..... 20
- ટોક્યો ઓલિમ્પિક 2020 : ભારતીય હોકી ટીમે બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો ..... 20
- INS વિક્રાંતનું દરિયાઈ પરીક્ષણ ..... 22
- QUESTION ANSWERS ..... 24

**06 FRIDAY**

- દિવસ મહિમા : 6 ઓગસ્ટ, હિરોશિમા દિવસ (Hiroshima Day) ..... 25
- ભારતનું સર્વોચ્ચ રમત સન્માન 'રાજીવગાંધી ખેલ રત્ન એવોર્ડ'નું નામ બદલીને 'મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ' રાખવામાં આવ્યું ..... 25
- સુરક્ષા પર ભારત, શ્રીલંકા અને માલદીવનો સહયોગ ..... 26
- લોકસભામાંથી ટ્રિબ્યૂનલ સુધારા બિલ (Tribunals Reforms Bill) પસાર ..... 27
- QUESTION ANSWERS ..... 29

**07 SATURDAY**

- દિવસ મહિમા : 7 ઓગસ્ટ, રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ (National Handloom Day) ..... 30
- ઓલિમ્પિકમાં ભારતનો સુવર્ણોદય : શ્રી નિરજ ચોપરાએ ટોક્યો ઓલિમ્પિક 2020માં જેવેલિન થ્રોમાં ગોલ્ડ મેડલ જીત્યો ..... 30
- શ્રી બજરંગ પુનિયાએ ટોક્યો ઓલિમ્પિક 2020માં કુસ્તી (રેસલિંગ)માં બ્રોન્ઝ મેડલ જીત્યો ..... 31
- નાણાકીય નીતિ (Monetary Policy) બેઠકમાં RBIએ દરો યથાવત રાખ્યા ..... 32
- QUESTION ANSWERS ..... 33

**ONE LINER** ..... 34

**QUESTION OF THIS WEEK** ..... 38


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 01 ઓગસ્ટ, (1) ઓગસ્ટ મહિનાનો પ્રથમ રવિવાર : 'ફ્રેન્ડશિપ ડે' (2) મુસ્લિમ મહિલા અધિકાર દિવસ (Muslim Women Rights Day)

### મુસ્લિમ મહિલા અધિકાર દિવસ

ભારતમાં 1 ઓગસ્ટના રોજ 'મુસ્લિમ મહિલા અધિકાર દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

- ત્રિપલ તલાક બિલની પૃષ્ઠભૂમિમાં 1 ઓગસ્ટના રોજ 'મુસ્લિમ મહિલા અધિકાર' દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ બિલને 1 ઓગસ્ટ, 2019ના રોજ સંસદમાં મંજૂરી આપવામાં આવી હતી.
- સંસદમાંથી પસાર થયેલ આ બિલનું નામ 'મુસ્લિમ વિમેન (પ્રોટેક્શન ઓફ રાઈટ્સ ઓન મેરેજ) બિલ, 2019' હતું.
- આ બિલમાં ત્રિપલ તલાક પ્રથાને કાનૂની ગુનો જાહેર કર્યો હતો.
- આ બિલનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓમાં આત્મનિર્ભરતા અને આત્મસન્માનને પ્રોત્સાહન આપવાનો છે, જેથી તેમને વધુ સશક્ત બનાવી શકાય.
- આ બિલની જોગવાઈ અનુસાર તલાક (છૂટાછેડા)ની ઘોષણાને કોગ્નિઝેબલ ગુનો ગણવામાં આવશે. પત્નીની ફરિયાદ બાદ જો પતિ દોષિત ઠરે તો તેને મહત્તમ ત્રણ વર્ષની કેદ તેમજ દંડ થશે.

નોંધ : (1) ઈન્દોરના શાહબાનો પહેલા મુસ્લિમ મહિલા હતા કે જેમણે ત્રિપલ તલાકને સૌપ્રથમ વખત અદાલતમાં પડકાર્યો હતો.

(2) વિશ્વમાં સૌપ્રથમ ઈજિપ્તે વર્ષ 1929માં ત્રિપલ તલાક પર પ્રતિબંધ મુક્યો હતો.

(3) પાકિસ્તાન અને મલેશિયા સહિત વિશ્વના લગભગ 20 જેટલા મુસ્લિમ દેશોમાં ત્રિપલ તલાક પર પ્રતિબંધ છે.

## 1મી 7 ઓગસ્ટ : વિશ્વ સ્તનપાન સપ્તાહ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 1 થી 7 ઓગસ્ટ દરમિયાન 'વિશ્વ સ્તનપાન સપ્તાહ' (World Breast Feeding Week)ની ઉજવણી કરવામાં આવે છે.

- આ વીકની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ વિશ્વમાં સ્તનપાનને પ્રોત્સાહન આપવાનો છે.
- WABA દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2021ના 'World Breastfeeding Week'ની થીમ "Protect Breastfeeding : A Shared Responsbility" છે.
- World Alliance for Breastfeeding Action (WABA) દ્વારા 14 ફેબ્રુઆરી 1991ના રોજ આ સપ્તાહની ઉજવણીની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 1992 થી દર વર્ષે આ સપ્તાહ ઉજવાય છે.
- હાલ WABA, WHO અને UNICEF દ્વારા આ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.


નોંધ : UNICEF નું પૂરું નામ 'United nations International Children's Emergency Fund' છે.

## લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરસ્કાર

જાણીતા ઉદ્યોગપતિ અને પુણે સ્થિત 'સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા'ના સ્થાપક અને અધ્યક્ષ શ્રી સાયરસ પૂનાવાલાને વર્ષ 2021 માટેના પ્રતિષ્ઠિત 'લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરસ્કાર' માટે પંસદ કરવામાં આવ્યા છે.

- કોરોના મહામારી દરમિયાન શ્રી સાયરસ પૂનાવાલાને તેમના કાર્ય અને સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાની મહત્ત્વની ભૂમિકા માટે સન્માનિત કરવામાં આવશે.
- નોંધનીય છે કે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયામાં કોવિશિલ્ડ રસી મોટાપાયે બનાવવામાં આવી રહી છે.

### લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરકાર



'લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરસ્કાર'ની સ્થાપના વર્ષ 1983માં શ્રી લોકમાન્ય બાલ ગંગાધર તિલકના સન્માનમાં કરવામાં આવી હતી.

- આ એવોર્ડમાં 1 લાખ રૂપિયાનું રોકડ ઈનામ અને સ્મૃતિચિહ્ન આપવામાં આવે છે.
- શ્રીમતિ ઈન્દિરા ગાંધી, શ્રી અટલ બિહારી વાજપેયજી, શ્રી પ્રણવ મુખર્જી, શ્રી એન.આર.નારાયણ મૂર્તિ વગેરેને આ એવોર્ડ મળ્યો છે.
- સામાન્ય રીતે 1 ઓગસ્ટના રોજ શ્રી લોકમાન્ય તિલકની પૂણ્યતિથિએ આ એવોર્ડ આપવામાં આવે છે.
- જોકે, આ વર્ષે કોરોના મહામારીની સ્થિતિને કારણે 13 ઓગસ્ટના રોજ આપવામાં આવશે.

### શ્રી સાયરસ પૂનાવાલા



શ્રી સાયરસ પૂનાવાલાનો જન્મ વર્ષ 1941માં થયો હતો.

- તેમણે વર્ષ 1966માં સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાની સ્થાપના કરી હતી.
- તે એક ભારતીય બાયોટેક કંપની છે. આ કંપની ઓરી, પોલિયો, ફ્લૂ વગેરે જેવા રોગોની રસીનું નિર્માણ કરે છે.
- તેમને 'ભારતના રસી રાજા' (India's Vacine King) તરીકે ઓળખવામાં આવે છે.

નોંધ : (1) શ્રી લોકમાન્ય તિલકનો જન્મ 23 જુલાઈ, 1856ના રોજ મહારાષ્ટ્રના રત્નાગિરીમાં થયો હતો. તથા 1 ઓગસ્ટ, 1920ના રોજ તેમનું અવસાન થયું હતું.

(2) ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન તેમણે 'સ્વરાજ મારો જન્મસિધ્ધ અધિકાર છે, અને તેને મેળવીને જ જંપીશ' સુત્ર આપ્યું હતું.

## ફેક્ટરિંગ રેગ્યુલેશન (એમેન્ડમેન્ટ) બિલ, 2021

તાજેતરમાં લોકસભા અને રાજ્યસભામાં 'સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME)' ક્ષેત્રને મદદ કરવાના ઉદ્દેશ્યથી કાયદામાં ફેરફાર લાવવા માટે 'ફેક્ટરિંગ રેગ્યુલેશન (એમેન્ડમેન્ડ બિલ) બિલ, 2021' પસાર કરવામાં આવ્યું છે.

- આ બિલમાં યુકે સિન્હા સમિતિના ઘણા સૂચનો સામેલ કરવામાં આવ્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મુખ્ય જોગવાઈઓ

નાણામંત્રીના જણાવ્યા મુજબ રસીદો, અસાઈન્મેન્ટ અને ફેક્ટરિંગ બિઝનેસની વ્યાખ્યાને બિલમાં સરળ બનાવવામાં આવી છે. જેથી તેને આંતરરાષ્ટ્રીય ધોરણોની સમકક્ષ બનાવી શકાય.

- આ બિલ '<u>ફેક્ટરિંગ રેગ્યુલેશન એક્ટ, 2011</u>'માં સુધારો કરવાનો પ્રયત્ન કરે છે. જેથી ફેક્ટરિંગ બિઝનેસમાં જોડાઈ શકે તેવી સંસ્થાનો વ્યાપ વધારી શકાય.
- <u>NBFCs માટે</u> ફેક્ટરિંગ મર્યાદાને દૂર કરી છે. અને નોન બેન્કિંગ ધિરાણકર્તાઓને આ વ્યવસાયમાં નવી તકો પૂરી પાડે છે.
- આ બિલમાં જણાવવામાં આવ્યું છે કે જ્યાં વેપારની પ્રાપ્તિ ટ્રેડ રીસીવેબલ્સ ડિસ્કાઉન્ટ સિસ્ટમ (Treds) મારફતે કરવામાં આવે છે, ત્યાં સંબંધિત TReDS દ્વારા કેન્દ્રીય રજિસ્ટ્રીમાં પરિબળ વતી ટ્રાન્ઝેકશન સંબંધિત વિગતો દાખલ કરવી જોઈએ.
- <u>TReDS</u> એ MSMEની વેપાર પ્રાપ્તિની ધિરાણની સુવિધા માટે <u>ઈલેક્ટ્રોનિક પ્લેટફોર્મ</u> છે.
- આ અધિનિયમમાં <u>રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)</u>ને ફેક્ટરિંગ બિઝનેસના સંદર્ભમાં નિયમો બનાવવા માટેની સત્તા આપવામાં આવી છે.
- આ બિલથી ફેક્ટરિંગ બિઝનેસમાં સામેલ એન્ટિટીઓના કાર્યક્ષેત્રમાં વધારો કરવામાં આવ્યો છે.
- આ બિલમાં પરિબળ અથવા ફેક્ટરિંગ દ્વારા દાખલ કરાયેલા દરેક વ્યવહારની વિગતો માટેના નિર્ધારિત <u>30 દિવસ</u>ના સમયગાળાને દૂર કરવામાં આવ્યો છે.

નોંધ : ફેક્ટરિંગ એ એક વ્યવહાર છે જ્યાં એક એન્ટિટી (MSME જેવી) ત્વરિત પક્ષ (બેંક અથવા NBFC જેવા 'ફેક્ટર')ને તાત્કાલિક ભંડોળ (આંશિક અથવા સંપૂર્ણ) માટે તેની પ્રાપ્યતા (ગ્રાહક પાસેથી લેણાં) વેચે છે.

## યુકે સિન્હા સમિતિ

વર્ષ 2019માં રિઝર્વ બેન્કે MSME ક્ષેત્ર માટે માળખાની સમીક્ષા કરવા માટે SEBIના પૂર્વ અધ્યક્ષ <u>શ્રી યુ.કે.સિન્હા</u>ની અધ્યક્ષતામાં <u>આઠ સભ્યો</u>ની સમિતિની રચના કરવામાં આવી હતી.

- તેમણે MSME ડેવલપમેન્ટ એક્ટમાં સુધારો કરવા, નાણાકીય ડિલિવરી મિકેનિઝમને મજબૂત કરવા, માર્કેટિંગ સપોર્ટમાં સુધારો કરવા, ટેકનોલોજી અપનાવવા પ્રોત્સાહિત કરવા અને MSMEs માટે ક્લસ્ટર ડેવલપમેન્ટ સપોર્ટને મજબૂત કરવા વગેરે અંગે ભલામણો કરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. ભારતમાં 'ફ્રેન્ડશિપ ડે'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?

(A) જૂન મહિનાનો પ્રથમ રવિવાર (B) જુલાઈ મહિનાનો પ્રથમ રવિવાર

(C) ઓગસ્ટ મહિનાનો પ્રથમ રવિવાર (D) સપ્ટેમ્બર મહિનાનો પ્રથમ રવિવાર (C)

2. ભારતમાં કયા દિવસે 'મુસ્લિમ મહિલા અધિકાર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 1, ઓગસ્ટ (B) 2, ઓગસ્ટ (C) 3, ઓગસ્ટ (D) 4, ઓગસ્ટ (A)

3. ભારતમાં કયા બિલની પૃષ્ઠભૂમિમાં 'મુસ્લિમ મહિલા અધિકાર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) મુસ્લિમ વિમેન (પ્રોટેક્શન ઓફ રાઈટ્સ મેરેજ) બિલ, 2019

(B) મુસ્લિમ વિમેન (પ્રોટેક્શન ઓફ રાઈટ્સ મેરેજ) બિલ, 2016

(C) મુસ્લિમ વિમેન (પ્રોટેક્શન ઓફ રાઈટ્સ મેરેજ) બિલ, 2014

(D) મુસ્લિમ વિમેન (પ્રોટેક્શન ઓફ રાઈટ્સ મેરેજ) બિલ, 2012 (A)

4. વર્ષ 1929માં ત્રિપલ તલાક પર વિશ્વમાં સૌપ્રથમ કયા દેશે પ્રતિબંધ મુક્યો હતો ?

(A) રશિયા (B) જાપાન (C) ઈજિપ્ત (D) ઈરાન (C)

5. વિશ્વ સ્તનપાન સપ્તાહની ક્યારે ઉજવણી કરવામાં આવે છે ?

(A) 2 થી 8 ઓગસ્ટ દરમિયાન (B) 1 થી 7 ઓગસ્ટ દરમિયાન

(C) 3 થી 9 ઓગસ્ટ દરમિયાન (D) 4 થી 10 ઓગસ્ટ દરમિયાન (B)

6. વર્ષ 2021 માટેનો 'લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરસ્કાર' કોને એનાયત થયો છે ?

(A) શ્રી સાયરસ પૂનાવાલા (B) શ્રી ઈન્દ્રજીત ચૌહાણ

(C) શ્રી આયુબ મહમ્મદ (D) શ્રી રાજન લોખંડવાલા (A)

7. કયા ક્ષેત્રને મદદ કરવાના ઉદ્દેશ્યથી તાજેતરમાં સંસદમાં 'ફેક્ટરિંગ રેગ્યુલેશન એક્ટ (એમેન્ડમેન્ટ) બિલ, 2021' પસાર કરવામાં આવ્યું છે ?

(A) બાયોટેક (B) MSME (C) FDI (D) શિક્ષણ (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# સુશ્રી પી.વી સિંધુએ ઓલિમ્પિકમાં બેડમિન્ટનમાં બ્રોન્ઝ મેડલ જીતી ઈતિહાસ રચ્યો



ભારતના પ્રસિધ્ધ બેડમિન્ટન ખેલાડી સુશ્રી પી.વી.સિંધુએ ટોક્યો ઓલિમ્પિક 2020માં બેડમિન્ટનમાં બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે.

- આ સાથે સુશ્રી પી.વી.સિંધુ ઓલિમ્પિકમાં બે વ્યક્તિગત મેડલ જીતનાર ભારતીય મહિલા ખેલાડી બન્યા છે.
- આ પહેલા વર્ષ 2016માં રિયો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો હતો.
- આ ઓલિમ્પિકની સેમી ફાઈનલ મેચમાં સુશ્રી પી.વી.સિંધુની ચાઈનીઝ તાઈપાઈની સુશ્રી તાઈ ત્ઝુ યિંગ સામે પરાજય થયો હતો.
- ત્યારબાદ બ્રોન્ઝ મેડલ મેચમાં તેમણે ચીનની ખેલાડી સુશ્રી હે બિંગ જીઓને 21-13, 21-15 થી પરાજય આપીને બ્રોન્ઝ મેડલ જીત્યો છે.
- તેમણે વર્લ્ડ ચેમ્પિયનશિપ અને ઓલિમ્પિકમાં મળીને સૌથી વધુ 7 મેડલ જીતવાના રેકોર્ડની બરાબરી કરી લીધી છે. ચીનના ઝાંગ નિંગે પણ 7 મેડલ જીત્યા છે.
- ઓલિમ્પિક બેડમિન્ટનમાં ભારતને અત્યાર સુધીમાં ત્રણ મેડલ મળ્યા છે.
- આ અગાઉ વર્ષ 2012માં સુશ્રી સાઈના નહેવાલે લંડન ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ત્યારબાદ સુશ્રી પી.વી.સિંધુએ વર્ષ 2016 અને 2020ના ઓલિમ્પિકમાં અનુક્રમે સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યો છે.

## સુશ્રી પી.વી.સિંધુ

સુશ્રી પી.વી.સિંધુનું પૂરૂં નામ સુશ્રી પુસર્લા વેંકટા સિંધુ છે.

- તેમનો જન્મ 5 જુલાઈ, 1995ના રોજ ભારતમાં વર્તમાન તેલંગાણાના હૈદરાબાદ ખાતે થયો હતો.
- ટોક્યો ઓલિમ્પિક, 2020માં તેમના કોચ શ્રી પાર્ક તાઈ સાંગ છે.
- તેમણે માત્ર આઠ વર્ષની ઉંમરે બેડમિન્ટન રમવાનું શરૂ કર્યુ હતું.
- અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેમના બેડમિન્ટન કોચ શ્રી પુલેલા ગોપિચંદની 'ગોપિચંદ બેડમિન્ટન એકેડેમી'માં જોડાયા હતા.
- વર્ષ 2016માં રમાયેલી ઓલિમ્પિક ગેમ્સમાં સુશ્રી પી.વી.સિંધુએ સિલ્વર મેડલ જીત્યો હતો. અને એ સાથે જ સુશ્રી પી.વી.સિંધુ બેડમિન્ટનની રમતમાં ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતનારા ભારતના પ્રથમ મહિલા ખેલાડી બની ગયા હતા.
- વર્ષ 2018માં એશિયન ગેમ્સ તથા કોમનવેલ્થ ગેમ્સ એમ બંનેમાં તેમણે 'વિમેન્સ સિંગલ્સ' ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો.
- તથા વર્ષ 2018ની કોમનવેલ્થ ગેમ્સની 'મિક્સ ટીમ' ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ મળ્યો હતો.
- આ ઉપરાંત 'વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપ'માં વર્ષ 2019માં 'વિમેન્સ સિંગલ્સ' ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ અને વર્ષ 2017 તથા 2018માં સિલ્વર મેડલ જીત્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઓલિમ્પિક ગેમ્સમાં સુશ્રી પી.વી.સિંધુએ જીતેલા મેડલ

| ક્રમ | વર્ષ–સ્થળ | મેડલ | ઈવેન્ટ |
|---|---|---|---|
| 1 | રિયો ઓલિમ્પિક– 2016 | સિલ્વર | વિમેન્સ સિંગલ્સ |
| 2 | ટોક્યો ઓલિમ્પિક– 2020 (2021માં યોજાયો) | બ્રોન્ઝ | વિમેન્સ સિંગલ્સ |

## કોમનવેલ્થ ગેમ્સમાં સુશ્રી પી.વી.સિંધુએ જીતેલા મેડલ

| ક્રમ | વર્ષ–સ્થળ | મેડલ | ઈવેન્ટ |
|---|---|---|---|
| 1 | ગ્લાસગો– 2014 | બ્રોન્ઝ | વિમેન્સ સિંગલ્સ |
| 2 | ગોલ્ડ કોસ્ટ, ઓસ્ટ્રેલિયા– 2018 | ગોલ્ડ | મિક્સડ ડબલ્સ |
| 3 | ગોલ્ડ કોસ્ટ, ઓસ્ટ્રેલિયા– 2018 | સિલ્વર | વિમેન્સ સિંગલ્સ |

## વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં સુશ્રી પી.વી.સિંધુએ જીતેલા મેડલ

| ક્રમ | વર્ષ | મેડલ | ઈવેન્ટ |
|---|---|---|---|
| 1 | 2019 | ગોલ્ડ | વિમેન્સ સિંગલ્સ |
| 2 | 2018 | સિલ્વર | વિમેન્સ સિંગલ્સ |
| 3 | 2017 | સિલ્વર | વિમેન્સ સિંગલ્સ |
| 4 | 2014 | બ્રોન્ઝ | વિમેન્સ સિંગલ્સ |
| 5 | 2013 | બ્રોન્ઝ | વિમેન્સ સિંગલ્સ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## એવોર્ડ

- સુશ્રી પી.વી.સિંધુને એનાયત થયેલ એવોર્ડમાં નીચેના એવોર્ડનો સમાવેશ થાય છે :
  (1) અર્જુન એવોર્ડ, 2013
  (2) પદ્મ શ્રી એવોર્ડ, 2015
  (3) રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ, 2016
  (4) પદ્મ ભૂષણ, 2020

## પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં નવી ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ e-RUPI લોન્ચ કરી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં પ્રથમવાર કેશલેસ અને કોન્ટેકટલેસ પેમેન્ટ માટેની નવી ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ 'e-RUPI' લોન્ચ કરી છે.

- e-RUPI એ એક પ્રકારનું પ્રી–પેઈડ વાઉચર છે જે QR Code તેમજ SMSના આધારે કામ કરશે.
- આ વાઉચર સિસ્ટમ પહેલાથી જ ઘણા દેશો દ્વારા ઉપયોગમાં લેવામાં આવી રહી છે. ઉદાહરણ તરીકે અમેરિકા, કોલંબિયા, ચિલી, સ્વીડન, હોંગકોંગ વગેરે......
- આ સિસ્ટમનો ઉપયોગ થવાથી જુદી–જુદી સરકારી યોજનાઓ માટે લાભાર્થીઓને કોઈ અવરોધો વિના પેમેન્ટ મળશે. આથી, ભ્રષ્ટાચાર પણ ઘટશે અને તેના ઉપયોગથી દેશમાં ડિજિટલ પેમેન્ટને વેગ મળશે.

## e-RUPI પ્લેટફોર્મ શું છે ?

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI)એ તેના UPI પ્લેટફોર્મ પર e-RUPI પ્લેટફોર્મ વિકસાવ્યું છે.

- તે નાણાકીય સેવાઓ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તથા રાષ્ટ્રીય આરોગ્ય સત્તા મંડળના સહયોગથી શરૂ કરવામાં આવ્યું છે. સુખાકારી સેવાઓની લીક–પ્રૂફ ડિલિવરી સુનિશ્ચિત કરવા માટે આ પ્લેટફોર્મ શરૂ કરવામાં આવ્યું છે. આ પ્લેટફોર્મનો ઉપયોગ આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, ખાતર સબસિડી અને ટીબી નાબૂદી કાર્યક્રમ જેવી યોજનાઓ હેઠળ લાભાર્થીઓને લાભ આપવા માટે કરવામાં આવશે.
- ખાનગી ક્ષેત્ર પણ તેમના કર્મચારી કલ્યાણ અને કોર્પોરેટ સામાજિક જવાબદારી કાર્યક્રમો હેઠળ આ ડિજિટલ વાઉચર્સ મેળવી શકે છે.




## e-RUPI

e-RUPI ડિજિટલ પેમેન્ટની કેશલેસ અને કોન્ટેક્ટલેસ પદ્ધતિ છે. તે ક્વિક રિસ્પોન્સ (QR) કોડ અથવા SMS સ્ટ્રિંગ આધારિત ઈ–વાઉચર છે, જે યુઝર્સના મોબાઈલ પર મોકલવામાં આવે છે.

- આ એક પ્રકારની વન ટાઈમ પેમેન્ટ સિસ્ટમ સર્વિસ છે જેમાં યૂઝર્સ કાર્ડ વિના કે ડિજિટલ પેમેન્ટ એપ વિના અથવા ઈન્ટરનેટ બેન્કિંગ વિના વાઉચર રિડીમ કરીને પૈસા મેળવી શકે છે કે ચૂકવી શકે છે.
- લેવડ દેવડ પૂરી થયા પછી જ સર્વિસ પ્રોવાઈડરને રકમની ચુકવણી કરાય છે.
- સિસ્ટમ પ્રી–પેઈડ છે અને તેથી સેવા આપનારને કોઈપણ મધ્યસ્થી વગર સમયસર ચુકવણીની ખાતરી આપે છે.

## કોવિડ- 19 માંથી રિકવરી માટે ભારત અને યુ.કે 'અશ્વગંધા'નું ક્લિનિકલ ટ્રાયલ કરશે

ભારતનું આયુષ મંત્રાલય યૂ.કેની લંડન સ્કૂલ ઓફ હાઈજીન એન્ડ ટ્રોપિકલ મેડિસિન (LSHTM)ના સહયોગથી 'અશ્વગંધા'નું ક્લિનિકલ ટ્રાયલ કરશે.

- આ ટીમ COVID-19 ચેપ પર તેની અસરની તપાસ કરશે.
- ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ (AIIA) અને LSHTMએ અશ્વગંધાના ક્લિનિકલ ટ્રાયલ કરવા માટે MoU પર હસ્તાક્ષર કર્યા હતા.
- યુકેના ત્રણ શહેરો લેસ્ટર, બર્મિંગહામ અને લંડનમાં 2000 લોકો પર ક્લિનિકલ ટ્રાયલ હાથ ધરાશે.
- આ પરીક્ષણની સફળતા પછી 'અશ્વગંધા' કોરોના ચેપને રોકવા માટે એક સિધ્ધ ઔષધીય સારવાર હશે. અને વૈશ્વિક સ્તરે વૈજ્ઞાનિક સમુદાય દ્વારા માન્યતા પ્રાપ્ત થશે.

## અશ્વગંધા

અશ્વગંધા એક ઔષધિય જડીબુટ્ટી છે.

- અશ્વગંધા વૈજ્ઞાનિક રીતે 'વિથેનિયા સોમનીફેરા' (Withania Somnifera) તરીકે ઓળખાય છે.
- તેને 'એડેપ્ટોજેન' તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે, જેનો અર્થ એ છે કે તમારા શરીરને તણાવનું સંચાલન કરવમાં મદદ કરી શકે છે. અશ્વગંધા મગજની યાદશિક્ત અને જ્ઞાનાત્મક કાર્યોને વધારે છે. તેમજ બ્લડ સુગર ઘટાડે છે તથા ચીંતા અને હતાશાના લક્ષણો સામે લડવામાં મદદ કરે છે.

- તેને સામાન્ય રીતે 'ઈન્ડિયન વિન્ટર ચેરી' (Indian Winter Cherry) પણ કહેવામાં આવે છે.
- અભ્યાસ સૂચવે છે કે અશ્વગંધા COVID-19ના લાંબા ગાળાના લક્ષણોને ઘટાડવા માટે સંભવિત ઉપચારાત્મક ઔષધી દવા છે.

## નૈદાનિક પરીક્ષણ (Clinical Testing)

મનુષ્યોમાં ક્લિનિકલ ટ્રાયલને ત્રણ તબક્કામાં વર્ગીકૃત કરવામાં આવે છે. તબ્બકો -I, તબક્કો II અને તબ્બકો– III તથા કેટલાક દેશોમાં આમાંથી કોઈપણ અભ્યાસ કરવા માટે ઔપચારિક નિયમનકારી મંજૂરી જરૂરી હોય છે.

- પ્રથમ તબક્કાના ક્લિનિકલ અભ્યાસોમાં રસીના ગુણધર્મો, તેની સહનશીલતા અને જો યોગ્ય હોય તો ક્લિનિકલ લેબોરેટરી અને ફાર્માકોલોજિકલ પરિમાણો ચકાસવા માટે ઓછી સંખ્યામાં તંદુરસ્ત પુખ્ત વયના લોકો (દા.ત. 20)માં રસીનું પરીક્ષણ શામેલ છે.
- પ્રથમ તબક્કાનો અભ્યાસ મુખ્યત્વે સલામતિ સાથે સંબંધિત છે.
- બીજા તબક્કાના અભ્યાસમાં વિષયોનો સમાવેશ થાય છે. અને લક્ષ્ય વસતીમાં ઈચ્છિત અસર (સામાન્ય રીતે ઈમ્યુનોજેનિસિટી) ઉત્પન્ન કરવાની રસીની ક્ષમતા અને તેની સામાન્ય સલામતિ વિશે પ્રાથમિક માહિતી આપવાનું લક્ષ્ય છે.
- રસીની રક્ષણાત્મક અસરકારકતા અને સલામતીનું સંપૂર્ણ મૂલ્યાંકન કરવા માટે વ્યાપક તબક્કા–3 ટ્રાયલની જરૂર છે.
- ત્રીજો તબક્કો ક્લિનિકલ ટ્રાયલ એ નક્કી કરવા માટે એક મહત્વપૂર્ણ અભ્યાસ છે કે શુ લાયસન્સ આપવું કે નહીં. અને તે દર્શાવવા માટે પૂરતો ડેટા મેળવવો કે નવું ઉત્પાદન સલામત અને અસરકારક છે કે નહીં તે નક્કી કરવું.

ગુજરાત સરકારની 2021માં પ્રસિદ્ધ થનારી વર્ગ-3ની તમામ નવી ભરતીઓ માટેની વિશેષ બેચ
offline
જનરલ બેચ
તલાટી / પંચાયત મંત્રી, ગ્રામસેવક, સબ-ઓડિટર, હેડ કલાર્ક, નાયબ નિરીક્ષક, બિનસચિવાલય કલાર્ક
ગુરુવાર 12/08/21 બપોરે 1 થી 3
રાજકોટ
સ્માર્ટ વર્ક અને સમજણ શકિતના સમન્વયથી અભ્યાસ
સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ
ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી એડવાન્સ લેવલ મટીરિયલ્સ
ગુજરાતી, ENGLISH,ગણિત અને સામાન્ય જ્ઞાનના 15 થી વધુ વિષયોની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા
!! SOCIAL DISTANCE મર્યાદિત સંખ્યા
15th Aug સુધી 10% DISCOUNT
2012 - 19 1537+ સફળ ઉમેદવાર
Weekly OMR Test
રજિસ્ટ્રેશન ફરજિયાત / 93757-01110 / 93280-01110
ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
સદગુરુ કોમ્પ્લેક્સ, સ્વામિનારાયણ મંદિર પાસે, કાલાવડ રોડ, રાજકોટ
www.iceonline.in
t.me/icerajkotofficial
icerajkot

JOIN WHATSAPP GROUP joinicerajkot.com

# MONDAY Questions

**1.** ભારતના કયા પ્રસિધ્ધ બેડમિન્ટન ખેલાડીએ ટોક્યો ઓલિમ્પિક 2020માં બ્રોન્ઝ મેડલ જીત્યો છે ?

(A) સુશ્રી સાયના નહેવાલ (B) સુશ્રી પી.વી.સિંધુ

(C) સુશ્રી અંકિતા રૈના (D) સુશ્રી સાનિયા મિર્ઝા **(B)**

**2.** ટોક્યો ઓલિમ્પિક 2020માં કઈ ઈવેન્ટમાં સુશ્રી પી.વી.સિંધુએ બ્રોન્ઝ મેડલ જીત્યો છે ?

(A) વિમેન્સ સિંગલ્સ (B) વિમેન્સ ડબલ્સ

(C) મિક્સ્ડ ડબલ્સ (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(A)**

**3.** સુશ્રી પી.વી.સિંધુ કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) ટેબલ ટેનિસ (B) બેડમિન્ટન

(C) લોન ટેનિસ (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(B)**

**4.** સુશ્રી પી.વી.સિંધુનો જન્મ કયાં થયો હતો ?

(A) બેંગ્લોર, કર્ણાટક (B) તિરુપતિ, આંધ્રપ્રદેશ

(C) હૈદરાબાદ, તેલંગાણા (D) અમરાવતી, આંધ્રપ્રદેશ **(C)**

**5.** તાજેતરમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં પ્રથમવાર કેશલેસ અને કોન્ટેક્ટલેસ પેમેન્ટ માટે નવી ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ 'e-RUPI' લોન્ચ કરી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે એક પ્રકારનું પ્રી–પેઈડ વાઉચર છે. જે QR Code તેમજ SMS ના આધારે કાર્ય કરે છે.

2. નેશનલ પેમેન્ટ્સ ઓફ ઈન્ડિયા (NPCI)એ તેના UPI પ્લેટફોર્મ પર e-RUPIનું પ્લેટફોર્મ વિકસાવ્યું છે.

3. નરેન્દ્રભાઈ મોદીએ e-RUPIનું ઉદ્ઘાટન બેંગ્લોર ખાતેથી કર્યુ હતું.

4. આ એક પ્રકારની વન ટાઈમ સિસ્ટમ સર્વિસ છે. જેમાં યુઝર્સ કોઈ કાર્ડ વિના કે ડિજિટલ પેમેન્ટ એપ વિના વાઉચર રિડીમ કરીને પૈસા મેળવી શકે છે કે ચૂકવી શકે છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1 અને 4 (C) ફક્ત 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(D)**

**6.** કોવિડ-19માંથી રિકવરી માટે ભારત કયા દેશ સાથે 'અશ્વગંધા'નું ક્લિનિકલ ટ્રાયલ શરૂ કરશે ?

(A) યુનાઈટેડ કિંગ્ડમ (B) યુ.એ.ઈ (C) જાપાન (D) અમેરિકા **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત-બાંગ્લાદેશ વચ્ચે વાણિજ્ય રેલ્વે લિંકની પુનઃ સ્થાપના

તાજેતરમાં ભારત અને બાંગ્લાદેશની વચ્ચે 50 વર્ષના વધુ સમયથી બંધ પડેલ હલ્દીબાડી–ચિલાહાટી રેલ્વેમાર્ગની પુનઃ સ્થાપના દ્વારા માલગાડીઓનું નિયમિત સંચાલન શરૂ કરવામાં આવ્યું છે.

- જે બંને દેશો વચ્ચે રેલ્વે જોડાણ અને દ્વિપક્ષીય વેપારને મજબૂત બનાવશે.
- હલ્દીબાડી (હલ્દીબારી)–ચિલાહાટી રેલ લિંક એક એવો માર્ગ છે જે વર્ષ 1965 સુધી કાર્યરત હતો.
- આ ઉપરાંત અગરતલા–અખૌરા વચ્ચે બિજી રેલ લિંક વર્ષ 2021ના અંત સુધીમાં કાર્યરત થશે.
- નોંધનીય છે કે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને બાંગ્લાદેશના વડાપ્રધાન શ્રીમતી શૈખ હસીનાએ 17 ડિસેમ્બર, 2020ના રોજ આ રેલ લિંકનું ઉદ્ઘાટન કર્યુ હતું. પરંતુ કોરોના મહામારીના કારણે શરૂ થઈ ન હતી.
- વર્ષ 1947માં ભારત–પાકિસ્તાનના ભાગલા પછી વર્ષ 1965 સુધી ભારત અને બાંગ્લાદેશ (ત્યારે પૂર્વ પાકિસ્તાન) વચ્ચે સાત રેલ્વે જોડાણો હતા.
- વર્તમાન ભારત અને બાંગ્લાદેશ વચ્ચે પાંચ રેલ્વે લિંક કાર્યરત છે.

### ભારત અને બાંગ્લાદેશ વચ્ચે વર્તમાન રેલ્વે જોડાણ

| ક્રમ | રેલ્વે લિંક |
|---|---|
| 1 | પેટ્રોપોલ (ભારત) – બેનાપોલ (બાંગ્લાદેશ) |
| 2 | ગેદે (ભારત) – દર્શન (બાંગ્લાદેશ) |
| 3 | સિંહાબાદ (ભારત) – રોહનપુર (બાંગ્લાદેશ) |
| 4 | રાધિકાપુર (ભારત) – બિરોલ (બાંગ્લાદેશ) |
| 5 | હલ્દીબાડી (ભારત) – ચિલાહાટી (બાંગ્લાદેશ) |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### મહત્વ

હલ્દીબાડી–ચિલાહાટી માર્ગ બાંગ્લાદેશથી આસામ અને પશ્ચિમ બંગાળ સાથે જોડાણ વધારશે તેવી અપેક્ષા છે.

- તે પ્રદેશના આર્થિક અને સામાજિક વિકાસને ઉત્તેજીત કરવા પ્રાદેશિક વેપારના વિકાસને ટેકો આપવા માટે મુખ્ય બંદરો અને સૂકા બંદરો સુધી રેલ નેટવર્કની પહોંચ વધારશે.
- આ રૂટ પર પેસેન્જર ટ્રેનના આયોજનથી બંને દેશો વચ્ચે અને બિઝનેસના સામાન્ય લોકો માલસમાન અને પેસેન્જર ટ્રાફિક બંનેનો લાભ લઈ શકશે.
- આ નવી રેલવે લિંકથી દક્ષિણ એશિયન દેશોની આર્થિક પ્રવૃતિઓ અને પ્રવાસી પ્રવૃતિઓને પણ લાભ થશે.
- 75 કિલોમિટર લાંબો ટ્રેક દેશના બાકીના ભાગોને સિલીગુડી કોરિડોર સાથે સારી રીતે જોડવામાં મદદ કરશે. જેને 'ચિકન નેક' (Chicken's Neck) તરીકે ઓળખવામાં આવે છે.

## ભારત અને બાંગ્લાદેશ વચ્ચે આર્થિક સંબંધો

- બાંગ્લાદેશ, ઉપખંડમાં ભારતનો સૌથી મોટો વેપાર ભાગીદાર દેશ છે. વર્ષ 2019-20માં બંને દેશો વચ્ચે કુલ દ્વિપક્ષીય વેપાર 9.5 અબજ ડોલર હતો, જે નાણાકીય વર્ષ 2018-19ની તુલનામાં વધારે હતો.
- બાંગ્લાદેશમાં ભારતની કુલ નિકાસ દ્વિપક્ષીય વેપારના 85% થી વધુ છે.
- દ્વિપક્ષીય વેપાર સહકારને વધુ વેગ આપવા માટે ડિસેમ્બર 2020માં ભારત–બાંગ્લાદેશ સીઈઓ ફોરમ (India-Bangladesh CEO's Forom)ની શરૂઆત કરવામાં આવી હતી.

## કનેક્ટિવિટી સહયોગ

- માર્ચ 2021માં 'મૈત્રી સેતુ' પુલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.
- વર્ષ 2020 માં ઈનલેન્ડ વોટર ટ્રાન્ઝિટ એન્ડ ટ્રેડ પ્રોટોકલ અંગે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે હસ્તાક્ષર થયા હતા.
- આ કરાર અંતર્ગત બંને દેશોના જહાજો એક ચોક્કસ માર્ગ દ્વારા એક દેશથી બીજા દેશમાં આવી શકશે. આ કરારમાં ત્રીજા દેશમાં માલની પરિવહનને પણ મંજૂરી આપવામાં આવી છે.
- 'બાંગ્લાદેશ–ભૂટાન–ભારત–નેપાળ (BBIN)' મોટર વાહન કરાર થોડા સમય પહેલા પેસેન્જર, વ્યક્તિગત અને માલવાહક વાહનોના ટ્રાફિક નિયમન માટે અમલમાં મુકવામાં આવ્યો હતો.
- આ કરાર વર્ષ 2015માં ભૂટાનની રાજધાની થિમ્ફુમાં થયો હતો જેનો મુખ્ય ઉદ્દેશ આ પેટા પ્રદેશમાં રોડ ટ્રાફિકને સુરક્ષિત, આર્થિક અને પર્યાવરણને અનુકૂળ બનાવવાનો છે.
- નોંધ : (1) 'મૈત્રી સેતુ' પુલની ફેની નદી પર બનાવવામાં આવ્યો છે. જે ભારતના ત્રિપુરા રાજ્ય અને બાંગ્લાદેશ વચ્ચે વહે છે.
  (2) 1.9 કિલોમિટર લાંબો આ પુલ સબરૂમ (ત્રિપુરા) અને રામગઢ (બાંગ્લાદેશ)ને જોડે છે.
  (3) આ પુલનું બાંધકામ 'નેશનલ હાઈવે એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (NHIDCL)' દ્વારા કરવામાં આવ્યું છે.
  (4) આ પુલના ઉદ્‌ઘાટન સાથે ત્રિપુરાની રાજધાની અગરતલા ભારતમાં આંતરરાષ્ટ્રીય દરિયાઈ બંદરનું સૌથી નજીકનું શહેર બની ગયુ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દેડકાની નવી પ્રજાતી : મિનરવેરિયા પેન્ટાલી



તાજેતરમાં પશ્ચિમ ઘાટમાં દેડકાની એક નવી પ્રજાતિની શોધ કરવામાં આવી હતી.
- આ પ્રજાતિનું નામ પૂર્વ ડીયુ વાઈસ ચાન્સલેર અને વનસ્પતિશાસ્ત્રી શ્રી 'દીપક પેન્ટલ'ના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- મિનરવેરિયા પેન્ટાલી (Minervarya Pentali) નામની નવી દેડકાની પ્રજાતિ 'ડિક્રોગ્લોસિડે' (Dicroglossidae) પરિવાર સાથે સંબંધિત છે.
- 'ડિક્રોગ્લોસિડે' પરિવારમાં આફ્રિકા અને એશિયાના ઉષ્ણકટિબંધીય અને ઉપઉષ્ણકટિબંધીય પ્રદેશો તથા પાપુઆ ન્યુ ગિની (એક દેશ છે) દ્વારા વહેંચાયેલ અર્ધ–જળચર દેડકાઓની 202 પ્રજાતિઓનો સમાવેશ થાય છે.
- તે પશ્ચિમ ઘાટ જૈવવિવિધતા હોટસ્પોટમાંથી મળી આવ્યું હતું, જે ભારતીય દ્વિપકલ્પના દક્ષિણ–પશ્ચિમ કિનારે વિસ્તરેલું છે. આ નવી પ્રજાતિ દક્ષિણ–પશ્ચિમ ઘાટ માટે સ્થાનિક છે.
- આ પ્રજાતિ સૌથી નાના જાણિતા 'મિનરવેરિયા' (જીનસ) દેડકાઓમાંની એક છે.

## પશ્ચિમ ઘાટ

પશ્ચિમ ઘાટ સમુદ્ર કિનારાને સમાંતર તાપી નદી થી કન્યાકુમારી સુધી ફેલાયેલો છે. એટલે કે ગુજરાતથી શરૂ થઈને તમિલનાડુમાં સમાપ્ત થાય છે.

- ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, તમિલનાડુ અને કેરળ એમ છ રાજ્યોને પશ્ચિમ ઘાટથી આવરી લેવામાં આવ્યા છે.
- પશ્ચિમ ઘાટમાં પડખાઉ જમીન આવેલ છે તેને લીધે અહીં કોફી, રબર અને મસાલાની ખેતી પ્રચૂર માત્રામાં થાય છે. અહીં સોલાવન, પર્વતીયવન તથા નિત્યલીલા જંગલ આવેલા છે.
- પશ્ચિમ ઘાટ સતત શ્રેણી છે માત્ર અમુક ઘાટ (થાલ, પાલ, ભોર, સેનકોટ્ટા) આવેલા છે.
- તથા સહ્યાદ્રિ, નીલગિરિ, અનામલાઈ, કોર્ડમમ વગેરેની પહાડી આવેલ છે.
- પશ્ચિમઘાટ દક્ષિણમાં નીલગિરિ પહાડીઓ દ્વારા પૂર્વઘાટને મળે છે. નીલગિરિ પર્વતશ્રેણી 'ચંદનવન' માટે પ્રખ્યાત છે.
- પશ્ચિમ ઘાટને ઘણી વાર 'ભારતની ગ્રેટ કરાડ' તરીકે ઓળખવામાં આવે છે. તથા તેમને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટમાં પણ સ્થાન મળેલ છે.

## બેરોજગારીના કારણે આત્મહત્યા પર NCRB એ ડેટા જાહેર કર્યો

નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB)ના આંકડા મુજબ વર્ષ 2016 થી 2019 સુધી બેરોજગારીને કારણે આત્મહત્યાના કેસોમાં 24%નો વધારો થયો છે.

- NCRBના આંકડા અનુસાર વર્ષ 2019માં બેરોજગારીને કારણે 2,851 લોકો આત્મહત્યા કરીને મૃત્યુ પામ્યા હતા.
- વર્ષ 2016માં 2,298 આત્મહત્યા કરતા આ આંકડો વધી ગયો છે.
- બેરોજગારીના કારણે કર્ણાટકમાં વર્ષ 2019માં સૌથી વધુ આત્મહત્યા (553) નોંધાઈ છે.
- કર્ણાટક પછી 452 કેસ સાથે મહારાષ્ટ્ર અને 251 કેસ સાથે તમિલનાડુ છે.
- આ NCRB રિપોર્ટ દેશમાં કોવિડ– 19ના આગમન પહેલાના ડેટા સાથે સંબંધિત છે.
- સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (CMIE)ના ચીફ એક્ઝિક્યુટિવના જણાવ્યા અનુસાર કોવિડ– 19ની બીજી લહેર વચ્ચે 10 મિલિયનથી વધુ ભારતીયોએ તેમની નોકરી ગુમાવી છે. આ ઉપરાંત મહામારીના કારણે પરિવારોની આવકમાં પણ ઘટાડો થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## NCRB

NCRBનું પૂરું નામ 'National Crime Records Bureau' છે.

- NCRB એ ભારતીય દંડ સંહિતા (IPC) અને વિશેષ અને સ્થાનિક કાયદાઓ અનુસાર ગુનાના ડેટા એકત્રિત અને વિશ્લેષણ કરવા માટે એક ભારતીય સરકારી એજન્સી છે.
- તેની સ્થાપના વર્ષ 1986માં ગુનાઓ અને ગુનેગારની માહિતીના ભંડાર તરીકે કરવામાં આવી હતી.
- આ એજન્સીનું મખ્ય મથક નવી દિલ્હી ખાતે સ્થિત છે.
- NCRB ગૃહ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.
- NCRBના વર્તમાન ડિરેક્ટર શ્રી રામફલ પવાર (IPS અધિકારી) છે.

1. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે 50 વર્ષના સમયથી બંધ પડેલ હલ્દીબાડી–ચિલાહાટી રેલ્વે માર્ગની પુનઃસ્થાપના કરવામાં આવી છે ?

(A) શ્રીલંકા (B) બાંગ્લાદેશ (C) ભૂટાન (D) નેપાળ (B)

2. હલ્દીબાડી (હલ્દીબારી)– ચિલાહાટી રેલવે લિંક કયા બે દેશ સાથે સંકળાયેલ છે ?

(A) ભારત–બાંગ્લાદેશ (B) ભારત–નેપાળ (C) ભારત–ભૂટાન (D) ભારત–પાકિસ્તાન (A)

3. વર્તમાન ભારત અને બાંગ્લાદેશ વચ્ચે કેટલી રેલ્વે લિંક કાર્યરત છે ?

(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ (D)

4. 'મૈત્રી સેતુ' પુલ કઈ નદી પર બનાવવામાં આવ્યો છે ?

(A) માનસ (B) ફેની (C) લોહિત (D) બરાક (B)

5. તાજેતરમાં પશ્ચિમ ઘાટમાં 'મિનરવેરિયા પેન્ટાલ' નામની એક નવી પ્રજાતિની શોધ કરવામાં આવી છે. તે કયા જીવ સાથે સંકળાયેલ છે ?

(A) સાપ (B) દેડકો (C) માછલી (D) ઉંટ (B)

6. NCRBના આંકડા અનુસાર વર્ષ 2019માં બેરોજગારીના કારણે કેટલા લોકો આત્મહત્યા કરીને મૃત્યુ પામ્યા હતા ?

(A) 2,851 (B) 2,545 (C) 3,851 (D) 1,124 (A)

7. NCRB સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તેનું પૂરું નામ 'National Crime Records Bureau' છે.

(B) તેની સ્થાપના વર્ષ 1986માં કરવામાં આવી હતી.

(C) તે ગૃહમંત્રાલય હેઠળ કાર્ય કરે છે.

(D) ઉપરોક્ત તમામ (D)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજ્યપાલની ક્ષમાદાનની સત્તા અને CrPCની કલમ 433- A

તાજેતરમાં ભારતની સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે રાજ્યપાલની માફિ આપવાની શક્તિ 'ફોજદારી કાર્યરીતિ અધિનિયમ' (CrPC)ની કલમ 433- A કરતા વધારે છે.

- આ અગાઉ જાન્યુઆરી, 2021માં દયા અરજીના એક કેસમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે રાજ્યપાલ રાજ્ય મંત્રી પરિષદની ભલામણને નકારી શકે નહીં, જોકે નિર્ણય લેવા માટે કોઈ સમય મર્યાદા નક્કી કરવામાં આવી નથી.
- સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે રાજ્યપાલ કેદીઓને 14 વર્ષની જેલ થાય તે પહેલા પણ માફી આપી શકે છે.
- જોકે, CrPCની કલમ 433- A હેઠળ કરવામાં આવેલી જોગવાઈ અનુસાર આજીવન કેદની સજા કરવામાં આવી હોય તેવા કેદીઓને કેદીઓને 14 વર્ષની જેલ ભોગવ્યા પછી જ માફી આપી શકાય છે.
- કલમ 433- A કોઈપણ સંજોગોમાં ભારતીય બંધારણની કલમ 72 અથવા 161 હેઠળ રાષ્ટ્રપતિ/ રાજ્યપાલને માફી આપવાની બંધારણીય શક્તિને અસર કરી શકતી નથી.
- સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે કલમ– 161 હેઠળ કેદીને માફ કરવાની રાજ્યપાલની સાર્વભૌમ સત્તાનો ઉપયોગ વાસ્તવમાં રાજ્ય સરકાર કરે છે.

### રાજ્યપાલની ક્ષમાદાન શક્તિ

- ભારતીય બંધારણના અનુચ્છેદ– 161 અંતર્ગત રાજ્યપાલને અમુક દંડ/ સજા માફ કરવાની, મોકૂફ રાખવાની અને પરિવર્તન કરવાની સત્તા આપવામાં આવી છે.

### રાષ્ટ્રપતિ અને રાજ્યપાલની ક્ષમાદાન સત્તા વચ્ચેનો તફાવત

| રાષ્ટ્રપતિ | રાજ્યપાલ |
|---|---|
| ❖ ભારતીય બંધારણનો અનુચ્છેદ– 72 રાષ્ટ્રપતિને અમુક બાબતોમાં આરોપીને સજા માફ કરવાની (ક્ષમાદાન શક્તિ) સત્તા આપે છે. | ❖ ભારતીય બંધારણના અનુચ્છેદ– 161 અંતર્ગત રાજ્યપાલને અમુક બાબતોમાં આરોપીને સજા માફ કરવાની સત્તા આપવામાં આવી છે. |
| ❖ રાષ્ટ્રપતિને સેના ન્યાયાલય (Military Court) દ્વારા આપવામાં આવેલ સજા માફ કરવાનો અધિકાર છે. | ❖ રાજ્યપાલ સેના ન્યાયાલય દ્વારા આપવામાં આવેલ સજા માફ કરી શકતા નથી. |
| ❖ રાષ્ટ્રપતિને કેન્દ્રીય કારોબારી સત્તાના વિષયોમાં ક્ષમાદાનની સત્તા છે. | ❖ રાજ્યપાલને રાજ્ય કારોબારી સત્તાના વિષયોમાં ક્ષમાદાનની સત્તા છે. |
| ❖ રાષ્ટ્રપતિને મૃત્યુ દંડની સજામાં ક્ષમાદાનની સત્તા છે. | ❖ રાજ્યપાલને મૃત્યુ દંડની બાબતમાં ફેરફાર કરવાની કોઈ સત્તા નથી. |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાષ્ટ્રપતિની ક્ષમાદાન શક્તિ

- સજાનો પ્રકાર બદલવો (Commute)
- સજામાં ઘટાડો (Remission)
- સજામાં રાહત (Respite)
- સજા વિલંબિત (Reprieve)
- સજા માફ (Pardon)

- **(1) સજાનો પ્રકાર બદલવો (Commute)**

  જેનો અર્થ એ થાય છે કે રાષ્ટ્રપતિ કોઈ આરોપીને આપેલી સજાનો પ્રકાર બદલી હળવો કરી શકે છે.

  ઉદાહરણ : (1) કોઈ વ્યક્તિને સખત કેદની સજા થઈ હોય તો તેને સાદિ કેદમાં પરિવર્તન કરી શકે છે.

  (2) કોઈ વ્યક્તિને મૃત્યુ દંડની સજા થઈ હોય તો તેને આજીવન કેદની સજામાં પરિવર્તિત કરી શકાય છે.

- **(2) સજામાં ઘટાડો (Remission)**

  જેનો અર્થ એ થાય છે કે રાષ્ટ્રપતિ કોઈ આરોપીની સજાનો પ્રકાર બદલાવ્યા સિવાય તેની સજાનો સમયગાળો ઘટાડી શકે છે.

  ઉદાહરણ : કોઈ વ્યક્તિને 10 વર્ષની સખત કેદની સજા થઈ હોય તો તેને ઘટાડીને 7 વર્ષની સખત કેદની સજા કરી શકે છે. અહીં સજાનો પ્રકાર બદલાતો નથી.

- **(3) સજામાં રાહત (Respite)**

  જેનો અર્થ એ થાય છે રાષ્ટ્રપતિ કોઈ આરોપીની શારીરિક અવસ્થાને ધ્યાનમાં રાખીને તેને આપવામાં આવેલી સજાના પ્રકારમાં તેમજ સમયગાળામાં પણ ફેરફાર કરી શકે છે.

  ઉદાહરણ : કોઈ વૃધ્ધ વ્યક્તિને સખત કેદની સજા આપવામાં આવી હોય તો તે સાદી કેદમાં પરિવર્તિત કરી શકે છે.

- **(4) સજા વિલંબિત (Reprieve)**

  જેનો અર્થ એ છે કે રાષ્ટ્રપતિને જ્યારે કોઈ મૃત્યુદંડનો આરોપી દયાની અરજી કરે છે ત્યારે રાષ્ટ્રપતિ તેના પર વિચાર કરવા માટે તેની સજા વિલંબિત કરી શકે છે.

- **(5) સજા માફ (Pardon)**

  જેનો અર્થ એ થાય છે કે રાષ્ટ્રપતિ અપરાધીને આપેલ સજામાંથી સંપૂર્ણ મુક્ત કરે છે અને વ્યક્તિએ કોઈ ગુનો કર્યો જ ન હોય તેવી વર્તણૂક કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## CrPC કલમ- 433 A

**<u>CrPC કલમ 433 A</u> : કેટલાક કેસોમાં સજા માફ કરવાની અથવા તેમાં ઘટાડો કરવાની સત્તાઓ ઉપર નિયંત્રણ :**

- જે ગુના માટે કાયદાથી મોતની સજા એક શિક્ષા તરીકે ઠરાવી હોય તે ગુના માટે કોઈ વ્યક્તિને દોષિત ઠર્યે આજીવન કેદની સજા કરવામાં આવે ત્યારે અથવા કોઈ વ્યક્તિને કરેલી મોતની સજામાં કલમ 433 હેઠળ ઘટાડો કરીને આજીવન કેદની સજા કરવામાં આવી હોય ત્યારે, એવી વ્યક્તિએ ઓછામાં ઓછી ચૌદ વર્ષની કેદ ભોગવ્યા સિવાય તેને જેલમાંથી છોડી મૂકવામાં આવશે નહીં.

## ભારતીય મહિલા બોક્સર સુશ્રી લવલીના બોરગોહેને ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીત્યો

ભારતીય મહિલા બોકસર સુશ્રી લવલીના બોરગોહેને (Lovlina Borgohain)એ ટોક્યો ઓલિમ્પિક 2020માં ભારત માટે બ્રોન્ઝ મેડલ જીત્યો છે.

- તેમણે 4 ઓગસ્ટ, 2021ના રોજ 69 કિગ્રા વેલ્ટરવેટ સેમિફાઈનલમાં તુર્કીના સુશ્રી બુસેનાઝ સુરમેનેલી સામે 0-5 થી પરાજય થયા બાદ આ મેડલ જીત્યો છે.
- આ સાથે તેઓ સુશ્રી એમ.સી.મેરી કોમ બાદ ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ જીતનાર બીજા ભારતીય મહિલા બોક્સર બની ગયા છે.
- સુશ્રી એમ.સી.મેરી કોમે વર્ષ 2012ના લંડન ઓલિમ્પિકમાં મેડલ જીત્યો હતો.
- સુશ્રી લવલીના બોરગોહેન ઓલિમ્પિક મેડલ જીતનાર આસામના પ્રથમ મહિલા બન્યા છે.

### સુશ્રી લવલીના બોરગોહેન



સુશ્રી લવલીના બોરગોહેનનો જન્મ 2 ઓક્ટોબર, 1997ના રોજ આસામના ગોલાઘાટ જિલ્લામાં થયો હતો.

- તેમણે પોતાની કારકિર્દીની શરૂઆત કિકબોક્સર તરીકે કરી હતી. અને મેદાનમાંથી તક મળ્યા બાદ બોક્સિંગ તરફ વળ્યા હતા.
- તેમણે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત તેમની હાઈસ્કૂલમાં ટ્રાયલ્સમાં ભાગ લીધો હતો.
- જ્યાં પ્રખ્યાત કોચ શ્રી પદમ બોરોએ તેની પ્રતિભાને ઓળખીને તેની પંસદગી કરી હતી.
- તેમણે વર્ષ 2012માં લવલીનાને તાલીમ આપવાનું શરૂ કર્યુ હતું.
- તેમણે ફેબ્રુઆરી 2018માં આંતરરાષ્ટ્રીય બોઈંગ ચેમ્પિયનશિપમાં વેલ્ટરવેટ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- નવેમ્બર 2017માં એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.
- જૂન 2017માં અસ્તાનામાં યોજાયેલા પ્રેસિડેન્ટ કપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.
- સપ્ટેમ્બર 2018માં પોલેન્ડમાં 13મી આંતરરાષ્ટ્રીય સિલેસિયન ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.
- વર્ષ 2020માં તેમને અર્જુન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE

1. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં રાજ્યપાલને ક્ષમાદાન અંગેની સત્તા આપવામાં આવી છે ?

(A) અનુચ્છેદ– 72 (B) અનુચ્છેદ– 161 (C) અનુચ્છેદ– 261 (D) અનુચ્છેદ– 82 **(B)**

2. તાજેતરમાં ભારતની સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે રાજ્યપાલની માફિ આપવાની શક્તિ CrPCની કલમ ______ કરતા વધારે છે.

(A) 433- A (B) 413- A (C) 412- A (D) 406- A **(A)**

3. ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત રાષ્ટ્રપતિને અમુક બાબતોમાં આરોપીને સજા માફ કરવાની (ક્ષમાદાન શક્તિ) સત્તા આપવામાં આવી છે ?

(A) અનુચ્છેદ– 72 (B) અનુચ્છેદ– 73 (C) અનુચ્છેદ– 74 (D) અનુચ્છેદ– 75 **(A)**

4. ભારતીય બંધારણમાં ક્ષમાદાનની સત્તા વિશે નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?

(A) રાષ્ટ્રપતિને સેના ન્યાયાલય દ્વારા આપવામાં અવેલ સજા માફ કરવાનો અધિકાર છે.

(B) રાષ્ટ્રપતિને મૃત્યુ દંડની સજામાં ક્ષમાદાનની સત્તા છે.

(C) રાજ્યપાલને રાજ્ય કારોબારી સત્તાના વિષયોમાં ક્ષમાદાનની સત્તા છે.

(D) રાજ્યપાલને પણ મૃત્યુ દંડની બાબતમાં રાષ્ટ્રપતિ જેટલી જ ક્ષમાદાનની સત્તા છે. **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. CrPCની કઈ કલમમાં કેટલાક કેસોમાં સજા માફ કરવાની અથવા તેમાં ઘટાડો કરવાની સત્તાઓ ઉપર નિયંત્રણ કરવાની જોગવાઈ કરવામાં અવી છે ?

(A) કલમ 161- A (B) કલમ 172- A (C) કલમ 333- A (D) કલમ 433- A **(D)**

6. તાજેતરમાં ટોક્યો ઓલિમ્પિક 2020માં સુશ્રી લવલીના બોરગોહેને બ્રોન્ઝ મેડલ જીત્યો છે. તે કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) બોક્સિંગ (B) ચેસ (C) તીરદાંજી (D) ભાલા ફેક **(A)**

7. ભારતીય મહિલા બોકસર સુશ્રી લવલીના બોરગોહેન કયા રાજ્યના વતની છે ?

(A) તેલંગાણા (B) ત્રિપુરા (C) આસામ (D) મેઘાલય **(C)**

# સિનિયર કલાર્ક માટે ઉપયોગી GSSSBના અગાઉ પૂછાયેલા પ્રશ્નોની 360⁰ સમજૂતિ

icerajkot

CLICK & WATCH
























## શ્રી રવિ દહિયાએ ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો

ભારતના યુવા કુસ્તીબાજ શ્રી રવિ કુમાર દહિયાએ ટોકયો ઓલિમ્પિક 2020માં કુસ્તીમાં 57 kg વેઈટ કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો છે.

- ફાઈનલમાં તેમનો રશિયન કુસ્તીબાજ શ્રી જોર ઉગેવ સામે 7-4થી પરાજય થયો હતો.
- આ પહેલા શ્રી રવિ દહિયાએ સેમિફાઈનલમાં કઝાકિસ્તાનના શ્રી સનાયેવ નૂરિસ્લામને પરાજય આપ્યો હતો.
- તેઓ ઘણા સમયથી રશિયામાં કુસ્તીની ટ્રેનિંગ લઈ રહયા હતા.

### શ્રી રવિકુમાર દહિયા



શ્રી રવિકુમાર દહિયા ભારતના એક યુવા કુસ્તીબાજ (રેસલર) છે.

- તેમનો જન્મ 12 ડિસેમ્બર, 1997ના રોજ હરિયાણાના સોનીપતમાં થયો હતો.
- તેઓ એક ફ્રી સ્ટાઈલ કુસ્તીબાજ છે.
- તેમણે એશિયન ચેમ્પિયનશિપમાં બે ગોલ્ડ મેડલ પણ જીત્યા છે.
- ટોકયો ઓલિમ્પિક 2020માં સિલ્વર મેડલ તથા વર્ષ 2019માં વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં 57 kg કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે.
- આ ઉપરાંત વર્ષ 2019માં વર્લ્ડ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

## ટોક્યો ઓલિમ્પિક 2020 : ભારતીય હોકી ટીમે બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો




ભારતીય પુરુષ હોકી ટીમે ટોક્યો ઓલિમ્પિક 2020માં બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે.

- નોંધનીય છે કે ભારતીય પુરુષ હોકી ટીમે 41 વર્ષ બાદ ઓલિમ્પિકમાં મેડલ જીત્યો છે.
- આ અગાઉ ભારતીય પુરુષ હોકી ટીમે વર્ષ 1980ના ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- બ્રોન્ઝ મેડલ માટેની મેચ જર્મની સામે યોજાઈ હતી. શરૂઆતમાં ભારત આ મેચમાં 1-3થી પાછળ હતું ત્યારબાદ ભારતે શાનદાર વાપસી કરી હતી. અને 5-4 થી મેચ જીતી લીધી હતી.
- અત્યાર સુધીમાં ભારતીય પુરુષ હોકી ટીમે ઓલિમ્પિકમાં 8 ગોલ્ડ મેડલ, 1 સિલ્વર મેડલ અને 3 બ્રોન્ઝ મેડલ જીત્યા છે.
- ટોક્યો ઓલિમ્પિક 2020માં ભારતીય હોકી ટીમના કેપ્ટન શ્રી મનપ્રીત સિંઘ છે.
- ભારતની આ સફળતા પાછળ ભારતીય હોકી ટીમના ગોલકીપર શ્રી શ્રીજેસ પરાટ્ટુ રવીન્દ્રનનું મહત્વપૂર્ણ યોગદાન રહયું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

| ઓલિમ્પિક મેન્સ હોકીમાં ભારતના મેડલ | | | |
|---|---|---|---|
| ક્રમ | ઓલિમ્પિક સ્થળ | વર્ષ | મેડલ |
| 1 | એમ્સ્ટ્રેડેમ | 1928 | ગોલ્ડ |
| 2 | લોસ એન્જલસ | 1932 | ગોલ્ડ |
| 3 | બર્લિન | 1936 | ગોલ્ડ |
| 4 | લંડન | 1948 | ગોલ્ડ |
| 5 | હેલસિંકી | 1952 | ગોલ્ડ |
| 6 | મેલબોર્ન | 1956 | ગોલ્ડ |
| 7 | રોમ | 1960 | સિલ્વર |
| 8 | ટોક્યો | 1964 | ગોલ્ડ |
| 9 | મેક્સિકો | 1968 | બ્રોન્ઝ |
| 10 | મ્યુનિચ | 1972 | બ્રોન્ઝ |
| 11 | મોસ્કો | 1980 | ગોલ્ડ |
| 12 | ટોક્યો | 2021 | બ્રોન્ઝ |

નોંધ : વર્ષ 2008ના ઓલિમ્પિકમાં ભારત ક્વોલિફાય થયું ન હતું.

## હોકી ઈન્ડિયા

હોકી ઈન્ડિયા ભારતમાં પુરુષ અને મહિલા બંને હોકી માટે તમામ પ્રવૃત્તિઓનું નિર્દેશન અને સંચાલન કરે છે.

- તે યુવા બાબતો અને રમત મંત્રાલય દ્વારા માન્ય છે.
- તથા તે ભારતમાં હોકીના પ્રચાર માટે જવાબદાર એકમાત્ર સંસ્થા છે.
- વર્ષ 2008માં IOA દ્વારા ભારતીય હોકી ફેડરેશનને બરતરફ કર્યા બાદ તેની રચના કરવામાં આવી હતી.
- ત્યારબાદ 20 મે, 2009ના રોજ તેની સ્થાપના કરવામાં આવી હતી.
- હોકી ઈન્ડિયાનું મુખ્ય મથક નવી દિલ્હી ખાતે સ્થિત છે.
- હોકી ઈન્ડિયા એ આંતરરાષ્ટ્રીય હોકી ફેડરેશન (FIH), ભારતીય ઓલિમ્પિક સંઘ (IOA) અને એશિયન હોકી ફેડરેશન (AHF) સાથે જોડાયેલી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## હોકી વિશે પરીક્ષાલક્ષી કેટલીક માહિતી

હોકીની સર્વોચ્ચ સંસ્થા 'ફેડરેશન ઈન્ટરનેશનલ ધી હોકી (FIH)' છે.

- હોકીની આંતરરાષ્ટ્રીય પ્રથમ મેચ 26 જૂન, 1895માં રાઈલ વેલ્સ અને આયર્લેન્ડ વચ્ચે રમાઈ હતી.
- ઓલિમ્પિકમાં હોકીની રમતમાં સૌથી વધુ ગોલ્ડ ભારતે જીતેલા છે.
- હોકીની એક ટીમમાં ખેલાડીઓની સંખ્યા 11 હોય છે.
- બુલી, ડ્રીબલ, પેનલ્ટી, રોલઈન, શોર્ટ કોર્નર, સ્ટીકસ, સ્ટ્રાઈકિંગ સર્કલ અંડર કટિંગ, સ્કૂપ, સાઈડ લાઈન, કેરી વગેરે હોકીની રમત સાથે સંકળાયેલ શબ્દ છે.

- આગાખાન કપ, ધ્યાનચંદ ટ્રોફી, બાઈટન કપ, રંગાસ્વામી કપ, લેડી રતનટાટા ટ્રોફી (મહિલા), મુરૂગપ્પા ઓબાય દુલ્લાહ કપ, નહેરુ ટ્રોફી, બેગમ રસૂલ ટ્રોફી (મહિલા), રેનિફેન્ક ટ્રોફી, સિંધિયા ગોલ્ડ કપ, મહારાજા રણજિતસિંહ ગોલ્ડ કપ વગેરે રાષ્ટ્રીય રમત સાથે સંકળાયેલ કપ/ટ્રોફી છે.
- જ્યારે આંતરરાષ્ટ્રીય રમત સાથે સંકળાયેલા કપ/ટ્રોફીમાં એશિયન ચેમ્પિયનશિપ, ચેમ્પિયન ટ્રોફી, હોકી વર્લ્ડ કપ (દર ચાર વર્ષે) અને સ્ટેન્લે કપ (આઈસ હોકી)નો સમાવેશ થાય છે.

## INS વિક્રાંતનું દરિયાઈ પરીક્ષણ

ભારતનું પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજ (Indigenous aircraft Carrier - IAC) INS વિક્રાંતનું દરિયાઈ પરીક્ષણ **4 ઓગસ્ટ, 2021**ના રોજ શરૂ કરવામાં આવ્યું છે.

- વર્ષ **2022** સુધીમાં તે સંપૂર્ણપણે કાર્યરત થઈ જશે.
- ભારત પાસે માત્ર એક જ વિમાનવાહક જહાજ છે. જે રશિયન મૂળનું વિક્રમાદિત્ય છે.
- નૌકાદળ આ યુદ્ધ જહાજને સ્વીકારશે અને ત્યારબાદ તેમાં ઉડ્ડયન પરીક્ષણો શરૂ કરશે.
- ઉડ્ડયન પરીક્ષણના ભાગરૂપે મિગ 29ના ફાઈટર જેટનું ટેક–ઓફ અને લેન્ડિંગ માટે પરીક્ષણ કરવામાં આવશે.

### INS વિક્રાંત

INS વિક્રાંત નામ ભારતના પ્રથમ વિમાનવાહક જહાજ INS વિક્રાંતના નામ પરથી રાખવામાં આવ્યું છે, જે બ્રિટન પાસેથી ખરીદવામાં આવ્યું હતું. તથા તે વર્ષ **1997**માં નિવૃત થયું હતું.

- તે INS વિક્રાંતે વર્ષ **1971**માં પાકિસ્તાન સાથેના યુદ્ધમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.
- આ જહાજમાં **30** વિમાન અને હેલિકોપ્ટર તૈનાત કરી શકાય છે.
- INS વિક્રાંતનું વજન લગભગ **40,000** ટન જેટલું છે.
- આ જહાજમાં વિમાનની કામગીરીને નિયંત્રિત કરવા માટે તેમાં રનવેની અને 'શોર્ટ ટેક ઓફ એરેસ્ટ રિકવરી' સિસ્ટમ છે.
- **100 MSMEs સહિત 550** જેટલી ભારતીય કંપનીઓ આ યુદ્ધ જહાજના નિર્માણ માટે સેવાઓ પૂરી પાડી રહી છે.
- તે સૌથી મોટુ અને જટિલ યુદ્ધ જહાજ છે. જેને ભારતમાં પ્રથમ વખત ડિઝાઈન અને નિર્માણ કરવામાં આવ્યું છે.
- આ સાથે, ભારત હવે એવા દેશોના સમુહમાં શામેલ થયો છે કે જે સ્વદેશી રીતે આવા વિમાનવાહક જહાજોની રચના, નિર્માણ અને સંકલન કરવાની ક્ષમતા ધરાવે છે.
- અમેરિકા, બ્રિટન, રશિયા, જાપાન, ઈટાલી અને ફ્રાન્સ જેવા દેશોમાં આવી ક્ષમતાઓ છે.
- આ જહાજનું નિર્માણ કેરળના કોચીમાં 'કોચિન શિપયાર્ડ' દ્વારા કરવામાં આવ્યું છે.
- INS વિક્રાંતને 'સ્વદેશી વિમાન વાહક-1' (IAC-1) પણ કહેવામાં આવે છે.
- IACનું આદર્શ વાક્ય 'જયમા સમ યુધિ સ્પર્ધા' છે. એટલે કે 'મારી સામે લડનારાઓને હું હરાવીશ'.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પરીક્ષણ

દરેક દેશના નૌકા જહાજો, સબમરિનો વગેરે કાર્યરત થાય એ પહેલા સમુદ્રમાં તેનું પરીક્ષણ કરવામાં આવે છે. જે 'સી ટ્રાયલ' કહેવાય છે. આ ટ્રાયલના ત્રણ તબક્કા હોય છે જે નીચે મુજબ છે :

(1) **ડોક ટ્રાયલ :** તેમાં જહાજનું બંદરમાં જ પરીક્ષણ કરવામાં આવે છે.

(2) **બિલ્ડર્સ ટ્રાયલ :** જેમાં જહાજનું સમુદ્રમાં ટ્રાયલ કરવામાં આવે છે અને બિલ્ડર વિવિધ પ્રકારે જહાજની તપાસ કરે છે.

(3) **એક્સેપ્ટેડ ટ્રાયલ :** આ પરીક્ષણ ખુલ્લાં સમુદ્રમાં થાય છે અને તેમાં જહાજની મૂવમેન્ટ અને સ્પીડને લઈને પરીક્ષણ કરવામાં આવે છે.

નોંધ : (1) વિમાનવાહક જહાજ એ એક યુદ્ધ જહાજ છે, જેની પ્રાથમિક કામગીરી વિમાનોને તૈનાત કરવાની અને ઊતારવાની છે.

(2) INS વિક્રાંતની ડિઝાઈન પર કામ વર્ષ 1999માં શરૂ થયું હતું અને તેનો પાયો ફેબ્રુઆરી 2009માં નખાયો હતો.




1. ભારતના યુવા કુસ્તીબાજ (રેસલર) શ્રી રવિ કુમાર દહિયાએ ટોક્યો ઓલિમ્પિક 2020'માં કઈ કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો છે ?

(A) 52 kg વેઈટ કેટેગરી (B) 57 kg વેઈટ કેટેગરી
(C) 61 kg વેઈટ કેટેગરી (D) 70 kg વેઈટ કેટેગરી
(B)

2. શ્રી રવિ કુમાર દહિયા કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) કુસ્તી (B) ક્રિકેટ (C) હોકી (D) સ્વિમિંગ
(A)

3. ટોક્યો ઓલિમ્પિક 2020માં ભારતીય પુરુષ હોકી ટીમે બ્રોન્ઝ મેડલ જીત્યો છે. આ અગાઉ ભારતીય ટીમે ક્યારે મેડલ જીત્યો હતો ?

(A) 1980 (B) 1998 (C) 1994 (D) 2008
(A)

4. ભારતીય પુરુષ હોકી ટીમે અત્યાર સુધીમાં ઓલિમ્પિકમાં કેટલા ગોલ્ડ મેડલ જીત્યા છે ?

(A) 6 (B) 7 (C) 8 (D) 9
(C)

5. ભારતીય હોકી ટીમે ઓલિમ્પિકમાં સૌપ્રથમ કયા વર્ષે ગોલ્ડ મેડલ જીત્યો હતો ?

(A) 1924 (B) 1928 (C) 1936 (D) 1948
(B)

6. ઓલિમ્પિકમાં હોકીની રમતમાં સૌથી વધુ ગોલ્ડ કયા દેશે જીત્યા છે ?

(A) પાકિસ્તાન (B) ભારત (C) રશિયા (D) જર્મની
(B)

7. તાજેતરમાં ભારતે INS વિક્રાંત નામના વિમાનવાહક જહાજનું દરિયાઈ પરીક્ષણ શરૂ કર્યુ છે. તેનું કયા દેશ દ્વારા નિર્માણ કરવામાં આવ્યું છે ?

(A) જર્મની (B) અમેરિકા (C) ફ્રાન્સ (D) તે સ્વદેશી છે
(D)

8. INS વિક્રાંત શું છે ?

(A) રશિયા દ્વારા નિર્મિત ભારતની સબમરિન
(B) ઈઝરાયલ દ્વારા નિર્મિત ભારતની સબમરિન
(C) રશિયા દ્વારા નિર્મિત ભારતનું વિમાન વાહક જહાજ
(D) ભારત દ્વારા સ્વદેશી રીતે નિર્મિત ભારતનું વિમાનવાહક જહાજ
(D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 6 ઓગસ્ટ, હિરોશિમા દિવસ (Hiroshima Day)

જાપાન સહિત વિશ્વના અનેક દેશોમાં દર વર્ષે 6 ઓગસ્ટના રોજ હિરોશિમા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- બીજા વિશ્વયુદ્ધ દરમિયાન 6 ઓગસ્ટ, 1945ના રોજ જાપાનના હિરોશિમા નામના શહેર પર અમેરિકાએ અણુબોમ્બથી હુમલો કર્યો હતો.
- જેમાં આ હુમલાની માત્ર 1 મિનિટમાં હિરોશિમાનો 80 ટકા હિસ્સો બળીને ખાખ થઈ ગયો હતો.
- આથી, આ ઘટનાની યાદમાં દર વર્ષે 6 ઓગસ્ટના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત વર્ષ 2021માં જાપાન દ્વારા આ ઘટનાની 76મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી રહી છે.

નોંધ : (1) હિરોશિમા પર થયેલા અણુ હુમલાના 3 દિવસ બાદ 9 ઓગસ્ટ, 1945ના રોજ અમેરિકાએ જાપાનના નાગાસાકી નામના બીજા શહેર પર અણુ બોમ્બથી હુમલો કર્યો હતો.

(2) અણુબોમ્બને હિન્દીમાં પરમાણુ બોમ્બ તરીકે ઓળખવામાં આવે છે.

## ભારતનું સર્વોચ્ચ રમત સન્માન 'રાજીવગાંધી ખેલ રત્ન એવોર્ડ'નું નામ બદલીને 'મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ' રાખવામાં આવ્યું

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના સર્વોચ્ચ રમત સન્માન 'રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ'નું નામ બદલીને 'મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ' રાખવામાં આવ્યું છે.

- વર્ષ 1991-92મા રાજીવગાંધી ખેલ રત્ન એવોર્ડની સ્થાપના કરવામાં આવી હતી.
- તે યુવા બાબતો અને રમત મંત્રાલય દ્વારા વાર્ષિક આપવામાં આવે છે.
- આ બદલાયેલા નામ સાથે મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ 25 લાખના રોકડ પુરસ્કાર સાથે આપવામાં આવશે. તેમજ એક ચંદ્રક અને પ્રમાણપત્ર પણ આપવામાં આવશે.
- વર્ષ 1991-92માં સૌપ્રથમ વખત શ્રી વિશ્વનાથ આનંદને આ એવોર્ડ એનાયત થયો હતો.
- આ એવોર્ડ આંતરરાષ્ટ્રીય સ્તરે 4 થી વધુ વર્ષ સુધી કોઈપણ એક રમતમાં શ્રેષ્ઠ અને અદ્ભૂત પ્રદર્શન કરવા બદલ આપવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શ્રી મેજર ધ્યાનચંદ



ભારતમાં 'હોકીના જાદુગર' તરીકે પ્રસિદ્ધ શ્રી મેજર ધ્યાનચંદનો જન્મ 29 ઓગસ્ટ, 1905ના રોજ અલ્હાબાદ ખાતે થયો હતો.

- તેઓ 'The wizard of hockey' તથા 'The magician of hockey' ના ઉપનામથી પ્રસિદ્ધ હતા.
- તેમણે 1928, 1934 અને 1936માં ભારતને ઓલિમ્પિકમાં કુલ ત્રણ ગોલ્ડ મેડલ અપાવ્યા હતા.
- વર્ષ 1926 થી 1948 સુધીની તેમની કારકિર્દીમાં તેમણે હોકીમાં 400 ગોલ કર્યા હતા.
- વર્ષ 2002માં તેમના નામ પરથી નવી દિલ્હીના રાષ્ટ્રીય સ્ટેડિયમનું નામ ધ્યાનચંદ રાષ્ટ્રીય સ્ટેડિયમ રાખવામાં આવ્યું હતું.
- તેમના જન્મ દિનની યાદમાં ભારતમાં 29 ઓગસ્ટના રોજ 'રાષ્ટ્રીય રમત દિન' તરીકે ઉજવણી કરવામાં આવે છે.

## સુરક્ષા પર ભારત, શ્રીલંકા અને માલદીવનો સહયોગ

તાજેતરમાં શ્રીલંકા–ભારત દ્વારા આયોજિત એક ઉપ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર–સ્તરની બેઠકમાં ભારત, શ્રીલંકા અને માલદીવ સુરક્ષા સહયોગના 'ચાર સ્તરંભો પર કામ કરવા માટે સંમત થયા છે.

- આ ચાર ક્ષેત્રોમાં દરિયાઈ સુરક્ષા, માનવ તસ્કરી, કાઉન્ટર ટેરરિઝમ અને સાયબર સુરક્ષાનો સમાવેશ થાય છે.
- કોલંબો સુરક્ષા પરિષદ અંતર્ગત યોજાયેલી બેઠકમાં બાંગ્લાદેશ, સેશેલ્સ અને મોરેશિયસે નિરીક્ષક તરીકે ભાગ લીધો હતો.
- નવેમ્બર, 2020માં કોલંબોમાં દરિયાઈ સુરક્ષા પર NSA (રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર)ની ત્રિપક્ષીય બેઠક પછી તરત જ જૂથનું નામ બદલીને 'કોલંબો સુરક્ષા પરિષદ' કરવામાં આવ્યું હતું.
- આ ઉપરાંત કોલંબોમાં એક સચિવાલય પણ સ્થાપવામાં આવ્યું છે.
- આ કોન્કલેવની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ ત્રણ હિંદ મહાસાગરના દેશો વચ્ચે દરિયાઈ અને સુરક્ષા બાબતોમાં નજીકનો સહયોગ બનાવવાનો છે.
- લશ્કરી અને સુરક્ષા સહકાર પર આધારિત આ પહેલ, આ ક્ષેત્રોમાં ભારતની શ્રીલંકા અને માલદીવ સાથે વહેંચાયેલી હાલની ભૂ–વ્યૂહાત્મક ગતિશીલતાને ધ્યાનમાં રાખીને મહત્વ ધરાવે છે.
- આ બેઠકનો ઉદ્દેશ ચીનની વધતી હાજરી વચ્ચે બંગાળની ખાડી સહિત સમગ્ર હિંદ મહાસાગર પ્રદેશ (IOR) માટે દરિયાઈ સુરક્ષા વ્યવસ્થા સ્થાપિત કરવાનો હતો.
- હિંદ મહાસાગર ક્ષેત્રમાં દરિયાઈ સુરક્ષાને મજબૂત કરવા માટે નૌકાદળો અને તટ રક્ષકોની સંયુક્ત કવાયતો દ્વારા વધુ સહકારની પણ ચર્ચા કરવામાં આવી હતી.
- નોંધપાત્ર રીતે હિંદ મહાસાગર ક્ષેત્રમાં પ્રદૂષણ સંબંધિત અનેક અકસ્માતો જોવા મળ્યા છે.
- થોડા સમય પહેલા MV Express Pearl, MT Diamond અને MV Vacashio જેવા જહાજોનો આ વિસ્તારમાં અકસ્માત થયો હતો, જેનાથી દરિયાઈ પર્યાવરણને અસર થઈ હતી. આને ધ્યાનમાં રાખીને સભ્યોએ પાણીમાં પ્રદૂષણનો સામનો કરવાની રીતો અંગે પણ ચર્ચા કરી હતી.
- આ સિવાય આગામી બેઠકમાં ત્રણ નિરીક્ષક દેશોને સંપૂર્ણ સભ્ય બનવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.
- આગામી બેઠક માલદીવ ખાતે યોજાશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

ITI Instructorની પરીક્ષામાં પાસ થનાર ICE વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન...



## લોકસભામાંથી ટ્રિબ્યૂનલ સુધારા બિલ (Tribunals Reforms Bill) પસાર

તાજેતરમાં લોકસભામાંથી 3 ઓગસ્ટ, 2021ના રોજ 'ટ્રિબ્યુનલ સુધારા સેવાની (સુવ્યવસ્થિતતા અને સેવાની શરતો) બિલ, 2021' પસાર થયું હતું.

- કોઈપણ ચર્ચા વગર 'અવાજ મત' (Voice Vote) દ્વારા આ બિલ પસાર કરવામાં આવ્યું હતું.
- આ બિલ 'ટ્રિબ્યુનલ સુધારણા (સેવાની સુવ્યવસ્થિતા અને શરતો) વટ હુકમ, 2021' (Tribunal Reforms (Rationalistion and Condition of Service) Ordinance, 2021')નું સ્થાન લેશે.

### મુખ્ય જોગવાઈઓ

આ બિલ અંતર્ગત 9 અપીલ સંસ્થાઓનું વિસર્જન કરવામાં આવ્યું છે અને તેમના કાર્યો અન્ય ન્યાયિક સંસ્થાઓને ટ્રાન્સફર કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

- આ બિલ હેઠળ કેન્દ્ર સરકારને ટ્રિબ્યુનલના સભ્યોની લાયકાત, નિમણૂક, કાર્યકાળ, પગાર અને ભથ્થા, રાજીનામુ તથા સેવાની શરતો અંગેના નિયમો બનાવવા માટે સત્તા આપવામાં આવી છે.
- આ અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા સર્ચ–કમ–સિલેકશન (સર્ચ એન્ડ સિલેક્ટ કમિટી)ની ભલામણ પર ટ્રિબ્યુનલના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક કરવામાં આવશે.
- આ સમિતિની અધ્યક્ષતા ભારતના મુખ્ય ન્યાયાધીશ અથવા તેમના દ્વારા નિયુક્ત સુપ્રીમકોર્ટના અન્ય ન્યાયાધીશ કરશે.
- ટ્રિબ્યુનલના અધ્યક્ષનો કાર્યકાળ 4 વર્ષ અથવા 70 વર્ષની વય સુધીનો (જે અગાઉ છે તે મુજબ) રહેશે.
- ટ્રિબ્યુનલના અન્ય સભ્યોનો કાર્યકાળ 4 વર્ષ અથવા 67 વર્ષની વય સુધીનો (જે અગાઉ છે તે મુજબ) રહેશે.
- આ બિલમાં સુધારાની જોગવાઈ હેઠળ 9 કાયદા હેઠળની અપીલીય સંસ્થાઓનું વિસર્જન કરવામાં આવ્યું છે જે નીચે મુજબ છે :

(1) સિનેમેટોગ્રાફ એક્ટ, 1952

(2) ટ્રેડ માર્ક્સ એક્ટ, 1999

(3) કોપિરાઈટ એક્ટ, 1957

(4) કસ્ટમ એક્ટ, 1962

(5) પેટન્ટ એક્ટ, 1970

(6) એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા એક્ટ, 1994

(7) રાષ્ટ્રીય ધોરીમાર્ગ નિયંત્રણ (જમીન અને ટ્રાફીક) અધિનિયમ, 2002

(8) માલ સામાનના ભૌગોલિક સંકેત (નોંધણી અને સંરક્ષણ) અધિનિયમ, 1999

(9) છોડની જાતો અને ખેડૂતોના અધિકારોનો અધિનિયમ, 2001

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ટ્રિબ્યુનલ્સ (પંચ) એટલે શું ?

તે વહીવટી અથવા કર સંબંધિત વિવાદોને ઉકેલવા માટે સ્થાપિત <u>અર્ધન્યાયિક સંસ્થા</u> છે.

- તે વિવાદોનો ન્યાય કરવા, દાવો કરનારા પક્ષો વચ્ચે અધિકારો નક્કી કરવા, વહીવટી નિર્ણયો લેવા તથા હાલના વહીવટી નિર્ણયોની સમીક્ષા કરવી જેવા કાર્યો કરે છે.

## બંધારણીય જોગવાઈ

ભારતના મૂળ બંધારણમાં ટ્રિબ્યુનલ (પંચો)ના સંદર્ભમાં કોઈ જોગવાઈ ન હતી.

- <u>42મા બંધારણીય સુધારા અધિનિયમ, 1976</u> દ્વારા બંધારણમાં નવો <u>ભાગ 14(A)</u> ઉમેરાયો અને તે ભાગ <u>'પંચ'</u> (Tribunals) તરીકે ઓળખાય છે.
- બંધારણના ઉપરોક્ત <u>ભાગ 14(A)</u>માં ફક્ત બે અનુચ્છેદનો સમાવેશ થાય છે જે નીચે મુજબ છે :

બંધારણના ભાગ-14(A)ના અનુચ્છેદો
- અનુચ્છેદો-323(A) : વહીવટી પંચો
- અનુચ્છેદો-323(B) : અન્ય બાબતો માટેના પંચો

## અનુચ્છેદ-323(A)

<u>અનુચ્છેદ-323(A)</u> એ સંસદને કેન્દ્ર, રાજ્ય, સ્થાનિક સંસ્થાઓ, જાહેર કોર્પોરેશનો અને સત્તાધિકારીઓની જાહેર સેવાઓમાં નિમણૂક કરવામાં આવતી વ્યક્તિઓની સેવાની ભરતી અને શરતો સંબંધિત વિવાદોના નિર્ણય માટે વહીવટી પંચોની સ્થાપના કરવાની સત્તા આપે છે.

## અનુચ્છેદ-323(B)

બંધારણના <u>અનુચ્છેદ-323(B)</u> અંતર્ગત સંસદ અને રાજ્ય વિધાનસભાને નીચે મુજબની બાબતોમાં ન્યાય માટે પંચોની રચના કરવાનો અધિકાર છે :

(1) કરવેરા સંબંધિત બાબતો
(2) વિદેશી હૂડિયામણ અંગે
(3) આયાત અને નિકાસ
(4) ઉદ્યોગો અને શ્રમિકોને લગતી તકરારો
(5) શહેરી મિલકતો ઉપર ટોચ મર્યાદા મુકવા બાબત
(6) સંસદ અને રાજ્ય વિધાન મંડળની ચૂંટણી અંગેની બાબતો
(7) જમીન સુધારણા કરવા બાબત
(8) આવશ્યક માલ–સામાનના ઉત્પાદન અને ભાવ નિયંત્રણની બાબતો.

નોંધ : (1) <u>અનુચ્છેદ–323(A)</u> અંતર્ગત સંસદ દ્વારા <u>'વહીવટી પંચ અધિનિયમ, 1985'</u> પસાર કરવામાં આવ્યો હતો.

(2) આ અધિનિયમ <u>'કેન્દ્રીય વહીવટી પંચ'</u> અને <u>'રાજ્ય વહીવટી પંચ'</u>ની સ્થાપના કરવા માટે કેન્દ્ર સરકારને મંજૂરી આપે છે.

(3) કેન્દ્રીય વહીવટી પંચની સ્થાપના <u>વર્ષ 1985</u>માં કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## FRIDAY Questions

1. જાપાન સહિત વિશ્વના અનેક દેશોમાં દર વર્ષે કયા દિવસે 'હિરોશિમા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 5 ઓગસ્ટ (B) 6 ઓગસ્ટ (C) 7 ઓગસ્ટ (D) 8 ઓગસ્ટ **(B)**

2. ભારતનું સર્વોચ્ચ રમત સન્માન 'રાજીવગાંધી ખેલ રત્ન એવોર્ડ'નું નામ બદલીને કયું નામ રાખવામાં આવ્યું છે ?

(A) મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર (B) મિલખાસિંઘ ખેલ રત્ન પુરસ્કાર

(C) અટલ બિહારી વાજપેયીજી ખેલ રત્ન પુરસ્કાર (D) અરુણ જેટલીજી ખેલ રત્ન પુરસ્કાર **(A)**

3. મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ હેઠળ કેટલા રૂપિયાની રોકડ પુરસ્કાર આપવામાં આવશે ?

(A) 25 લાખ (B) 30 લાખ (C) 35 લાખ (D) 15 લાખ **(A)**

4. ભારતના કયા રમતવીર 'The Wizard of Hockey' તથા 'The Magician of Hockey' ના ઉપનામથી પ્રસિદ્ધ હતા ?

(A) શ્રી મિલખા સિંઘ (B) શ્રી બલબીર સિંઘ (C) શ્રી ચરણજીત સિંઘ (D) શ્રી મેજર ધ્યાનચંદ **(D)**

5. કોલંબો સુરક્ષા પરિષદ અંતર્ગત યોજાયેલી બેઠકમાં કયા દેશે નિરીક્ષક તરીકે ભાગ લીધો હતો ?

(A) બાંગ્લાદેશ (B) સેશલ્સ (C) મોરેશિયસ (D) ઉપરોક્ત તમામ **(D)**

6. 'ટ્રિબ્યુનલ સુધારણા (સેવાની સુવ્યવસ્થિતા અને સેવાની શરતો) બિલ, 2021' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ બિલ અંતર્ગત 9 અપીલ સંસ્થાઓનું વિસર્જન કરવામાં આવ્યું છે અને તેમના કાર્યો અન્ય ન્યાયિક સંસ્થાઓને ટ્રાન્સફર કરવાની જોગવાઈ કરવામાં આવી છે.
2. આ બિલ હેઠળ કેન્દ્ર સરકારને ટ્રિબ્યુનલ્સના સભ્યોની લાયકાત, નિમણૂક, કાર્યકાળ, પગાર અને ભથ્થા, રાજીનામુ તથા સેવાની શરતો અંગેના નિયમો બનાવવા માટેની સત્તા આપવામાં આવી છે.
3. આ અધિનિયમ અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા 'સર્ચ–કમ–સિલેકશન'ની ભલામણ પર ટ્રિબ્યુનલના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક કરવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN WHATSAPP GROUP joinicerajkot.com

## દિવસ મહિમા : 7 ઓગસ્ટ, રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ (National Handloom Day)

## ઓલિમ્પિકમાં ભારતનો સુવર્ણોદય : શ્રી નીરજ ચોપરાએ ટોક્યો ઓલિમ્પિક 2020માં જેવેલિન થ્રોમાં ગોલ્ડ મેડલ જીત્યો


ભારતના યુવા જેવેલિન થ્રોઅર શ્રી નીરજ ચોપરાએ ટોક્યો ઓલિમ્પિક 2020માં જેવેલિન થ્રોમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે.

- આ સાથે શ્રી નિરજ ચોપરાએ ઓલિમ્પિકના ઈતિહાસમાં એથ્લેટિકમાં ભારતને પ્રથમ ગોલ્ડ મેડલ અપાવ્યો.
- ઓલિમ્પિકમાં આ અગાઉ ભારતે કયારેય 'ટ્રેક એન્ડ ફિલ્ડ' એટલે કે એથ્લેટિકમાં ગોલ્ડ મેડલ જીત્યો ન હતો.
- શ્રી નીરજ ચોપરાએ જેવેલિન થ્રો (ભાલા ફેક)ની ઈવેન્ટમાં 87.58 મીટર થ્રો ફેંકી આ ગોલ્ડ મેડલ જીત્યો છે.
- હરિયાણાના મુખ્યમંત્રીશ્રીએ શ્રી નીરજ ચોપરાને 6 કરોડ રોકડ રકમ અને કલાસ 1 સરકારી નોકરી આપવાની જાહેરાત કરી છે.
- વર્ષ 2008માં શ્રી અભિનવ બિન્દ્રા એ શુટિંગમાં ગોલ્ડ મેડલ જીત્યા બાદ શ્રી નિરજ ચોપરા વ્યક્તિગત ગોલ્ડ મેડલ જીતનારા બીજા ભારતીય ખેલાડી બન્યા છે.
- ટોક્યો ઓલિમ્પિક 2020માં ભારતનો આ સાતમો મેડલ હતો. જે વર્ષ 2016ના લંડન ઓલિમ્પિકમાં મેળવેલા છ મેડલનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે.
- શ્રી નિરજ ચોપરાએ પોતાનો ગોલ્ડ મેડલ શ્રી મિલ્ખા સિંઘને સમર્પિત કર્યો હતો. ભારતના દોડવીર શ્રી મિલ્ખા સિંઘનું સપનું હતું કે ભારત ઓલિમ્પિક ગેમ્સમાં એથ્લેટિકમાં ગોલ્ડ મેડલ હાંસલ કરે.
- આ સિદ્ધિ પર રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી સહિત તમામ મહાનુભાવોએ અભિનંદન પાઠવ્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શ્રી નીરજ ચોપરા

શ્રી નીરજ ચોપરાનો જન્મ 24 ડિસેમ્બર, 1997ના રોજ હરિયાણા રાજ્યના પાણીપત્ત શહેરના ખાંદ્રા ગામમાં થયો હતો.



- તેઓ ટ્રેક એન્ડ ફિલ્ડ એથ્લીટમાં જેવેલિન થ્રોઅર (ભાલા ફેંકનાર) ખેલાડી છે.
- શ્રી નીરજ ચોપરા ભારતીય સેનાના નાયબ સુબેદારના પદ પર છે. આથી તેમને સુબેદાર નીરજ ચોપરા તરીકે પણ સંબોધિત કરી શકાય છે.
- તેઓ સેનામાં રાજપૂતાના રાઈફલ સાથે પણ સંકળાયેલા છે.
- ભારતીય સેનામાં પોતાના યોગદાન બદલ વર્ષ 2020માં તેમને 'વિશિષ્ટ સેવા મેડલ' (VSM) એનાયત કરવામાં આવ્યો હતો.
- આ ઉપરાંત વર્ષ 2018માં અર્જુન એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

| શ્રી નીરજ ચોપરાને જેવેલિન થ્રોમાં મળેલા અત્યાર સુધીના મેડલ | | | |
|---|---|---|---|
| ક્રમ | ગેમ્સ/સ્પર્ધા | સ્થળ | મેડલ |
| 1 | એશિયન જુનિયર ચેમ્પિયનશિપ-2016 | વિયેતનામ | સિલ્વર |
| 2 | વર્લ્ડ જુનિયર ચેમ્પિયનશિપ-2016 | પોલેન્ડ | ગોલ્ડ |
| 3 | દક્ષિણ એશિયન ગેમ્સ-2016 | ગુવાહાટી/શિલોંગ | ગોલ્ડ |
| 4 | એશિયન ચેમ્પિયનશિપ-2017 | ભુવનેશ્વર | ગોલ્ડ |
| 5 | કોમનવેલ્થ ગેમ્સ-2018 | ગોલ્ડ કોસ્ટ (ઓસ્ટ્રેલિયા) | ગોલ્ડ |
| 6 | એશિયન ગેમ્સ-2018 | જકાર્તા | ગોલ્ડ |
| 7 | ટોક્યો ઓલિમ્પિક-2020 | ટોક્યો(જાપાન) | ગોલ્ડ |

## શ્રી બજરંગ પુનિયાએ ટોક્યો ઓલિમ્પિક 2020માં કુસ્તી (રેસલિંગ)માં બ્રોન્ઝ મેડલ જીત્યો

ભારતના પ્રસિદ્ધ રેસલર (કુસ્તીબાજ) શ્રી બજરંગ પુનિયાએ ઓલિમ્પિકમાં કુસ્તીમાં ભારતને બ્રોન્ઝ મેડલ અપાવ્યો છે.

- શ્રી બજરંગ પુનિયાએ રેસલિંગ (કુસ્તી)ની 65 કિલોગ્રામ વજન વર્ગની ફ્રી સ્ટાઈલ ઈવેન્ટમાં ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે.
- આ ઈવેન્ટની બ્રોન્ઝ મેડલ માટેની મેચમાં કઝાકિસ્તાનના ડાઉલેટ નિયાઝમેકોવને 8-0થી પરાજય આપીને આ મેડલ જીત્યો છે.

### શ્રી બજરંગ પુનિયા



શ્રી બજરંગ પુનિયા ભારતના હરિયાણાના રેસલિંગ ખેલાડી છે.

- તેમનો જન્મ 26 ફેબ્રુઆરી, 1994ના રોજ હરિયાણાના ઝજ્જર ખાતે થયો હતો.
- વર્ષ 2018માં યોજાયેલી એશિયન ગેમ્સમાં શ્રી બજરંગ પુનિયાએ ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- તેમણે આ ગોલ્ડ મેડલ ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીજીને સમર્પિત કર્યો હતો.
- આ ઉપરાંત તેમણે વર્ષ 2017માં યોજાયેલી સિનિયર એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપમાં ભારતને સૌપ્રથમ વખત ગોલ્ડ મેડલ અપાવ્યો હતો.
- તેઓ વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં 3 મેડલ જીતનાર એકમાત્ર ભારતીય ખેલાડી છે.
- આ ઉપરાંત વર્ષ 2014ની કોમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર મેડલ જીત્યો હતો.
- શ્રી બજરંગ પુનિયાને મળેલા પુરસ્કારો આ પ્રમાણે છે :

(1) અર્જુન એવોર્ડ, 2015
(2) પદ્મશ્રી એવોર્ડ, 2019
(3) મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ, 2019
(4) ફિક્કી ઈન્ડિયા સ્પોર્ટ્સ એવોર્ડ, 2020


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## નાણાકીય નીતિ (Monetary Policy) બેઠકમાં RBIએ દરો યથાવત રાખ્યા

<u>ભારતીય રિઝર્વ બેંક (RBI)</u>ની ત્રણ દિવસીય RBIની મોનેટરી પોલિસીની બેઠકમાં 4 ઓગસ્ટ, 2021ના રોજ RBIના ગવર્નર શ્રી શક્તિકાંત દાસએ જાહેરાત કરી હતી કે વ્યાજદરમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી.

- RBIના જણાવ્યા અનુસાર <u>રેપો રેટ 4.00%</u> પર યથાવત રાખવામાં આવ્યો છે.
- <u>રિવર્સ રેપો રેટ 3.35%</u> પર યથાવત રાખવામાં આવ્યો છે.
- જ્યારે <u>સીમાંત સ્થાયી સુવિધા</u> (Marginal Standing Facility-MSF) દર અને <u>બેંક દર</u> (Bank Rate) <u>4.25%</u> પર યથાવત રાખવામાં આવ્યા છે.
- આ ઉપરાંત નાણાકીય વર્ષ 2021-22નો GDP વૃદ્ધિ દર <u>9.5%</u> રહેવાનું અનુમાન છે.
- નોંધનીય છે કે છેલ્લે RBIએ મે, 2020માં રેપોરેટમાં ઘટાડો કર્યો હતો.
- રેપોરેટમાં બદલાવ નહીં થવાના કારણે હાલ ચાલી રહેલા લોનના EMI પણ યથાવત રહેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## SATURDAY Questions

| | | |
|---|---|---|
| 1. | કયા દિવસે 'રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?<br>(A) 5 ઓગસ્ટ (B) 6 ઓગસ્ટ (C) 7 ઓગસ્ટ (D) 8 ઓગસ્ટ | (C) |
| 2. | ટોક્યો ઓલિમ્પિક 2020માં ભારતના કયા ખેલાડીએ ગોલ્ડ મેડલ જીત્યો છે ?<br>(A) શ્રી બજરંગ પુનિયા (B) શ્રી નીરજ ચોપરા<br>(C) શ્રી અભિનવ બિન્દ્રા (D) શ્રી રવી કુમાર દહિયા | (B) |
| 3. | શ્રી નીરજ ચોપરા કઈ રમત સાથે સંકળાયેલ છે ?<br>(A) હોકી (B) જેવેલિન થ્રો(ભાલા ફેંક)<br>(C) કુસ્તી (રેસલિંગ) (D) બેડમિન્ટન | (B) |
| 4. | ટોક્યો ઓલિમ્પિક 2020માં શ્રી નિરજ ચોપરાએ જેવેલિન થ્રોની ઈવેન્ટમાં કેટલા મીટર થ્રો ફેંકી ગોલ્ડ મેડલ જીત્યો છે ?<br>(A) 87.58 (B) 60.47 (C) 65.55 (D) 90.1 | (A) |
| 5. | શ્રી નિરજ ચોપરા ભારતના કયા રાજ્યના ખેલાડી છે ?<br>(A) હરિયાણા (B) ઉત્તરાખંડ (C) મેઘાલય (D) આસામ | (A) |
| 6. | ટોક્યો ઓલિમ્પિક 2020માં શ્રી બજરંગ પુનિયાએ કુસ્તી (રેસલિંગ)માં કઈ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે ?<br>(A) 65 kg વર્ગ (B) 60 kg વર્ગ (C) 70 kg વર્ગ (D) 75 kg વર્ગ | (A) |
| 7. | શ્રી બજરંગ પુનિયા ભારતના કયા રાજ્યના રેસલિંગ ખેલાડી છે ?<br>(A) પંજાબ (B) હિમાચલ પ્રદેશ (C) હરિયાણા (D) રાજસ્થાન | (C) |
| 8. | 4 ઓગસ્ટ 2021ના રોજ RBIના જણાવ્યા અનુસાર રેપોરેટ.........પર યથાવત રાખવામાં આવ્યો છે ?<br>(A) 3.25% (B) 4.00% (C) 4.25% (D) 3.00% | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER

## ગુજરાત

➤ **મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે રાજ્ય સ્તરની તકેદારી અને મોનેટરીંગ સમિતિની પુનઃ રચના**
મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષપદે રાજ્ય સ્તરની તકેદારી અને મોનીટરીંગ સમિતિની પુનઃ રચના કરવામાં આવી છે. રાજ્ય સ્તરની તકેદારી અને મોનીટરીંગ સમિતિ અધિનિયમની જોગવાઈઓના અમલિકરણ, રાહત તથા અત્યાચારનો ભોગ બનેલને પૂરી પાડેલ પુનઃવસન સુવિધાઓની સમીક્ષા, અધિનિયમ હેઠળના કેસોની કાર્યવાહી, અધિનિયમની જોગવાઈઓના અમલીકરણ માટે જવાબદાર વિવિધ સમિતિઓની અથવા અધિકારીઓની ભૂમિકા તથા રાજ્ય સરકારને મળેલ વિવિધ અહેવાલોની સમીક્ષા કરશે. આ સમિતિ વિવિધ અહેવાલોની સમીક્ષા હેતુ મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને વર્ષ દરમિયાન ઓછામાં ઓછી બે વાર એટલે કે જાન્યુઆરી અને જુલાઈ મહિનામાં મળશે. આ સમિતિમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગના મંત્રીશ્રીઓ, સંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તથા ઉચ્ચ અધિકારીઓ મળી કુલ 23 સભ્યશ્રીઓ અને એક સભ્ય સચિવશ્રીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

➤ **ઓસ્ટ્રેલિયાના પૂર્વ વડાપ્રધાન શ્રી ટોની અબોટ સહિત ઉચ્ચ ડેલિગેશન ગુજરાતની મુલાકાતે**
ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની તાજેતરમાં ઓસ્ટ્રેલિયાના પૂર્વ વડાપ્રધાન શ્રી ટોની અબોટે ગાંધીનગર ખાતે શુભેચ્છા મુલાકાત કરી હતી. ગુજરાત અને ઓસ્ટ્રેલિયાના વેપાર સંબંધો વધુ મજબૂત બનાવવા શ્રી ટોની અબોટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની મુલાકાત કરી વિચાર વિમર્શ કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું હતું કે વૈશ્વિક રોકાણ માટે યોજાતા વાઈબ્રન્ટ સમિટમાં ઓસ્ટ્રેલિયા વર્ષોથી ગુજરાતનું પાટનર કન્ટ્રી રહ્યું છે. ઓસ્ટ્રેલિયાના પૂર્વ વડાપ્રધાન શ્રી ટોની અબોટે જણાવ્યું હતું કે, ગુજરાત–ભારત સાથે ઓસ્ટ્રેલિયાના આર્થિક અને વેપાર સંબંધો વધુ આગળ વધારવા કટિબદ્ધ છીએ. આ ઉપરાંત શ્રી અબોટે ગુજરાત સાથે વિવિધ ક્ષેત્રે દ્વિપક્ષીય વેપાર અને રોકાણની તકો વધારવા વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી હેઠળ ઓસ્ટ્રેલિયા–ગુજરાત વચ્ચે વ્યાપક આર્થિક સહકાર વધારવા સહિતના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરી હતી. નોંધનીય છે કે શ્રી ટોની અબોટેને ભારત સાથે ઓસ્ટ્રેલિયાના આર્થિક અને વેપાર સંબંધોને આગળ વધારવા માટે ખાસ દૂત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

➤ **ગુજરાત સરકારની ચારેય વીજ વિતરણ કંપનીઓ રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ સ્થાને**
ગુજરાત સરકારના ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ અંતર્ગતની ચારેય વીજ વિતરણ કંપનીઓ UGVCL, MGVCL, DGVCL અને PGVCL એ વીજ સેવાઓ અને ગુણવત્તામાં સર્વશ્રેષ્ઠ દેખાવ કરીને સમગ્ર ભારતમાં પ્રથમ ચાર ક્રમાંક અંકે કર્યા છે. આ ઉપરાંત ભારત સરકારના વીજ મંત્રાલય દ્વારા અપાયેલા નવમાં વાર્ષિક ઈન્ટિગ્રેટેડ રેટિંગમાં A+ (એ–પ્લસ)નું સર્વોચ્ચ રેટિંગ મેળવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી એ આ જ્વલંત સફળતા અને ઉત્કૃષ્ટ દેખાવ બદલ વિશેષ સ્થાન મેળવનાર વીજ કંપનીઓના અધિકારીઓ અને તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **ભારતની સૌથી હળવી મેટ્રો ટ્રેન ઈટાલીથી પૂણે મેટ્રો માટે મોકલવામાં આવી છે.**

ટીટાગઢ વેગન્સ લિમિટેડ (Titagadh Wagons Ltd)ના જણાવ્યા અનુસાર ઈટાલીમાં તેના પ્લાન્ટમાં પૂણે મેટ્રો કોચ માટે પ્રથમ ટ્રેન રજૂ કરવામાં આવી છે. ઈટાલીથી કુલ 34 ટ્રેનો મોકલવામાં આવશે તથા દરેક ટ્રેનમાં ત્રણ કોચ હશે. મેટ્રોનો પ્રથમ પ્રોટોટાઈપ ઈટાલીમાં ભારતના રાજદૂત સુશ્રી નીના મલ્હોત્રા અને ભારતમાં ઈટાલીના રાજદૂત શ્રી વિન્સેન્ઝો ડી લુકાની હાજરીમાં વર્ચ્યુઅલ સમારોહમાં લોન્ચ કરવામાં આવ્યો હતો. પૂણે માટે 102 મેટ્રો કોચ સપ્લાય કરવાનો ઓર્ડર આપવામાં આવ્યો હતો. પૂણે મેટ્રો માટે આ મેટ્રો કોચ ભારતમાં પ્રથમ વખત એલ્યુમિનિયમથી બનેલા હશે. આ અદ્યતન મેટ્રો કોચ આધુનિક ઈટાલિયન શૈલી સાથે ઉચ્ચતમ સલામતિ ધોરણો ધરાવે છે. તેઓ ઓછા કાર્બન ઉત્સર્જન અને વધુ સારી ઈંધણ કાર્યક્ષમતા આપે છે. ટીટાગઢ વેગન્સ લિમિટેડ પ.બંગાળના ટીટાગઢ સ્થિત રેલવે વેગન ઉત્પાદક છે. તે ભારતીય રેલવે માટે કોચ, બેલી પુલ, અને ખાણકામ સાધનોનું ઉત્પાદન કરે છે.

➤ **પેંગોલિન (Pangolin)**

તાજેતરમાં એક ટિમે નોઈડામાંથી પેંગોલિનને બચાવી તેને વન વિભાગને સોંપ્યું છે. પેંગોલિનની આઠ પ્રજાતિઓમાંથી ભારતીય પેંગોલિન અને ચાઈનીઝ પેંગોલિન ભારતમાં જોવા મળે છે. ભારતીય પેંગોલિન એક મોટું એન્ટીએટર છે જેની પીઠ પર સ્કેલ જેવી રચનાઓની 11-13 પંક્તિઓ છે. ભારતીય પેંગોલિન તેની પૂછડીની નીચે ટર્મિનલ સ્કેલ ધરાવે છે, જે ચીની પેંગોલિનમાં જોવા મળતુ નથી. આ પ્રજાતિ ભારત અને ચીન ઉપરાંત બાંગ્લાદેશ, પાકિસ્તાન, નેપાળ અને શ્રીલંકામાં પણ જોવા મળે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **શ્રી નરેન્દ્રભાઈ મોદી UNSCની અધ્યક્ષતા કરનાર પ્રથમ ભારતીય વડાપ્રધાન બનશે**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી 9 ઓગસ્ટ, 2021ના રોજ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)માં વર્ચ્યુઅલ રીતે ખુલ્લી ચર્ચા કરશે. UNSCમાં દરિયાઈ સુરક્ષાના મુદ્દે ચર્ચા થશે. ભારત ઓગસ્ટ માટે UNSCની અધ્યક્ષતા કરી રહ્યું છે અને UNSCમાં ખુલ્લી ચર્ચાની અધ્યક્ષતા કરનાર નરેન્દ્રભાઈ મોદી પ્રથમ ભારતીય વડાપ્રધાન બનશે. UNSCમાં ચૂંટાયા પછી ભારતે આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા માટે જવાબદાર અને સમાવિષ્ટ ઉકેલોને પ્રોત્સાહન આપવાના તેના લક્ષ્ય પર પ્રકાશ પાડયો છે. ભારતે 1 જાન્યુઆરી, 2021ના રોજ UNSCના અસ્થાયી સભ્ય તરીકે તેની બે વર્ષની મુદત શરૂ કરી. UNSCમાં અસ્થાયી સભ્ય તરીકે ભારતની આ સાતમી ટર્મ છે. આ પહેલા ભારત 1950-51, 1967-68, 1972-73, 1977-78, 1984-85 અને 1991-92માં UNSCમાં સભ્ય રહ્યું છે. UNSCનું પૂરું નામ 'United Nations Security Council' છે. તે સંયુક્ત રાષ્ટ્ર (UN)ના મુખ્ય છ અંગોમાંનું એક છે. તેનો મુખ્ય ઉદ્દેશ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે.

➤ **15મી ઓગસ્ટના રોજ સ્વતંત્રતા દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ઓલિમ્પિક ટીમને લાલ કિલ્લા ઉપર આમંત્રિત કરશે**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી 15 ઓગસ્ટે ભારતના ઓલિમ્પિક ખેલાડીઓને ખાસ મહેમાન તરીકે લાલ કિલ્લા પર આમંત્રિત કરશે. આ સમયે પ્રધાનમંત્રી તમામને વ્યક્તિગત મળશે અને વાતચીત પણ કરશે. આ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમના વચન મુજબ બેડમિન્ટન સ્ટાર સુશ્રી પી. વી. સિંધુ સાથે આઈસ્ક્રિમ પણ ખાશે. આ વર્ષે ટોક્યો ઓલિમ્પિકમાં ભારતે 18 વિવિધ રમતોમાં 127 ખેલાડીઓએ ભાગ લીધો હતો. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાના લાભાર્થીઓ સાથે વાત કરતા આ જાહેરાત કરી છે. આ જાહેરાત સમયે વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે જ્યારે સાચા ટેલેન્ટને પ્રોત્સાહન મળે છે ત્યારે ભારતીય ખેલાડીઓમાં જોશ, અને ઝનૂન આવે છે. તથા આપણા ખેલાડીઓ પ્રત્યેક પરિસ્થિતિમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરે છે.

➤ **IMDએ એગ્રો-ઓટોમેટિક વેધર સ્ટેશનોની સ્થાપનાનું કાર્ય શરૂ કર્યું**

ભારતીય હવામાન વિભાગે (IMD) એ ખેડૂતો પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરતા લોકોને હોવામાનની સચોટ આગાહી આપવા માટે એગ્રો–ઓટોમેટિક વેધર સ્ટેશનો (AWS)ની સ્થાપનાનું કામ શરૂ કર્યુ છે. આ માહિતી વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડો. જીતેન્દ્ર સિંહે રાજ્યસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આપી હતી. ભારતીય કૃષિ સંશોધન પરિષદ હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્રોમાં સ્થિત જિલ્લા એગ્રોમેટ એકમોમાં તેમની સ્થાપના કરવામાં આવી છે. હાલમાં ભારતમાં 43 મિલિયન ખેડૂતો સીધા SMS દ્વારા 'એગ્રોમેટ એડવાઈઝરી' મેળવે છે. ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS) નામની યોજના હેઠળ બ્લોક સ્તરની એગ્રોમેટ સલાહકાર સેવાઓ પૂરી પાડવા માટે 200 જિલ્લા કૃષિ હવામાન એકમોમાં એગ્રો ઓટોમેટિક વેધર સ્ટેશનોની સ્થાપના કરવામાં આવી રહી છે.

➤ **લક્ષદ્વીપમાં માલદીવ શૈલીના વોટર વિલા બનાવવામાં આવશે**

લક્ષદ્વીપની કુદરતી સુંદરતા તરફ પ્રવાસીઓને આકર્ષવા માટે લક્ષદ્વીપમાં ટૂંક સમયમાં જ માલદીવ શૈલીના વોટર વિલાની સ્થાપના કરવામાં આવશે. લક્ષદ્વીપના પ્રશાસક શ્રી પ્રફુલ ખોડા પટેલે જણાવ્યું હતું કે 800 કરોડના ખર્ચે વોટર વિલા બનાવવામાં આવશે. આ પ્રોજેકટ અંતર્ગત સૌર ઉર્જાથી ચાલતા અને પર્યાવરણને અનુકૂળ વિલા દ્વારા વિશ્વકક્ષાની સુવિધા પૂરી પાડવામાં આવશે. આ વિલાઓ લક્ષદ્વીપના મિનીકોય, સુહેલી અને કદમત ટાપુઓમાં બનાવવામાં આવશે. ત્રણ ટાપુઓમાં કુલ 370 રૂમ આપવામાં આવશે. તથા આ વિલા પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ બનાવવામાં આવશે.

➤ **સુશ્રી ધૃતિ બેનર્જી 'ઝૂઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા'ના પ્રથમ મહિલા ડિરેક્ટર બન્યા**

તાજેતરમાં ભારત સરકારે 'ઝૂઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ZSI)ના નવા ડિરેકટર તરીકે સુશ્રી ડો. ધૃતિ બેનર્જીની નિમણૂકની મંજૂરી આપી છે. સુશ્રી ધૃતિ બેનર્જી વૈજ્ઞાનિક છે. તે પ્રાણીશાસ્ત્ર, વર્ગીકરણ અને મોલેક્યુલર સિસ્ટેમેટિકસમાં સંશોધન કરી રહ્યા છે. તેમણે વર્ષ 2012થી ZSIના ડિજિટલ સિકવન્સ ઈન્ફર્મેશનના પ્રોજેકટનાં સંયોજક તરીકે સેવા આપી છે. ઝૂઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાની સ્થાપના જુલાઈ, 2016માં થઈ હતી. તેનું મુખ્ય મથક કોકલકાતામાં આવેલું છે.

## વિશ્વ

➤ **G20ના સંશોધન મંત્રીઓની બેઠક યોજાઈ**

શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી સુભાષ સરકારે 6 ઓગસ્ટ 2021ના રોજ G20 સંશોધન મંત્રીઓની બેઠકમાં ભાગ લીધો હતો. આ બેઠકનું આયોજન ઈટાલી દ્વારા કરવામાં આવ્યું હતું. G20 શિક્ષણ મંત્રીઓએ સંશોધન સહયોગ વધારવા અને G20 દેશો વચ્ચે ડિજિટલ સ્પેસની વહેંચણી અંગે તેમના મંતવ્યોની આપેલે કરી હતી. શ્રી સુભાષ સરકારે સંશોધનને પ્રોત્સાહન આપવા અને યુવાનોની કુશળતા વધારવા માટે ભારતની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરી હતી. તેમણે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020ના મહાત્વ પર પ્રકાશ પાડયો હતો જે રાષ્ટ્રીય સંશોધન ફાઉન્ડેશનની સ્થાપના કરીને ભારતની સંશોધન ઈકોસિસ્ટમને મજબૂત બનાવવાનો પ્રયાસ કરે છે.

## ICE ? Questions

➤ તાજેતરમાં કોના અધ્યક્ષ પદે રાજ્યસ્તરની તકેદારી અને મોનેટરીંગ સમિતિની પુનઃ સ્થાપના કરવામાં આવી છે ? – મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી

➤ તાજેતરમાં શ્રી ટોની અબોટે વિજયભાઈ રૂપાણીની ગાંધીનગર ખાતે શુભેચ્છા મુલાકાત કરી હતી. તે કયા દેશના પૂર્વ વાડપ્રધાન છે ? – ઓસ્ટ્રેલિયા

➤ 15મી ઓગસ્ટના રોજ સ્વતંત્રતા દિવસ નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કઈ ટીમને મહેમાન તરીકે લાલ કિલ્લા પર આમંત્રિત કરશે ? – ઓલિમ્પિક

➤ કયા રાજ્યની વીજ વિતરણ કંપનીઓ રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ સ્થાને છે ? – ગુજરાત

➤ ભારતની સૌથી હળવી મેટ્રો ટ્રેન કયા દેશમાંથી પૂણે ખાતે મોકલવામાં આવી છે ? – ઈટાલી

➤ તાજેતરમાં કયા સ્થળેથી પેંગોલિનને બચાવીને વન વિભાગને સોંપ્યું છે ? – નોઈડા

➤ શ્રી નરેન્દ્રભાઈ મોદી UNSCની અધ્યક્ષતા કરનાર ભારતના પ્રથમ વડાપ્રધાન બનશે. UNSCનું પૂરું નામ જણાવો ? – સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ

➤ તાજેતરમાં કોણે ભારતમાં એગ્રો–ઓટોમેટિક વેધર સ્ટેશનો સ્થાપનાનું કાર્ય શરૂ કર્યુ છે ? – ભારતીય હવામાન વિભાગ (IMD)

➤ કયા સ્થળે માલદીવ શૈલીના વોટર વિલા બનાવવામાં આવશે ? – લક્ષદ્વીપ

➤ તાજેતરમાં G20ના સંશોધન મંત્રીઓની બેઠક યોજાઈ હતી. તેમાં ભારતના કયા મંત્રીએ ભાગ લીધો હતો ? – શ્રી શુભાષ સરકાર

➤ 'ઝૂઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા'ના પ્રથમ મહિલા ડિરેક્ટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – સુશ્રી ધૃતિ બેનર્જી

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય ફ્રેન્ડશિપ ડે' કયા દિવસે ઉજવવામાં આવે છે ? – 30 જુલાઈ
2. NISAR નામના મિશન સાથે કઈ બે સ્પેસ એજન્સી સંકળાયેલી છે ? – ISRO અને NASA
(NISARનું પૂરું નામ 'NASA-ISRO Synthetic Aperture Radar' છે. જે ઈસરો અને નાસાનું સંયુક્ત મિશન છે. જેને વર્ષ 2023માં લોન્ચ કરવામાં આવશે. નિસાર ઉપગ્રહ ડ્યુઅલ ફ્રીકવન્સીનો ઉપયોગ કરનાર પ્રથમ ઉપગ્રહ હશે. તે અદ્યતન રડાર ઈમેજિંગનો ઉપયોગ કરીને જમીનની સપાટી પરના ફેરફારો માપશે.)
3. ઓગસ્ટ, 2021માં કોને નવા 'કંટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ્સ (CGA) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે ? – શ્રી દીપક દાસ
4. યુરોપિયન યુનિયને ડેટા ગોપનીયતા ભંગ બદલ એમેઝોનને......મિલિયન યુરોનો દંડ ફટકાર્યો છે. – 746
5. તાજેતરમાં કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રીએ 'રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેન્દ્ર'ની કેટલામી વર્ષગાંઠની ઉજવણીની અધ્યક્ષતા કરી હતી ? – 112મી
6. કયા રાજ્યના વન અને પર્યાવરણ વિભાગના વન્યજીવન સંગઠને રાજ્યમાં દીપડાઓની પ્રોફાઈલિંગ કરવાનું નક્કી કર્યું છે ? – ઓડિશા
7. ક્રાઈમ અને ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્કિંગ સિસ્ટમ હેઠળ કયા રાજ્યની પોલીસે પ્રથમ સ્થાન મેળવ્યું છે ? – હરિયાણા
('Crime and Criminal Tracking Networking System' હેઠળ હરિયાણા પોલીસે દેશમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. ત્યારબાદ ગુજરાત પોલીસે બીજો અને હિમાચલ પોલીસે ત્રીજો ક્રમ મેળવ્યો છે.)
8. તાજેતરમાં ક્રિકેટમાંથી નિવૃત્ત થયેલ ખેલાડી શ્રી ઈસુરુ ઉડાના કયા દેશના ખેલાડી છે ? – શ્રીલંકા
9. તાજેતરમાં પ્રકાશિત થયેલ પુસ્તક 'Nehru, Tibet and China'ના લેખક કોણ છે ?– શ્રી અવતાર સિંહ ભસીન
(પેન્ગુઈન રેન્ડમ હાઉસ ઈન્ડિયાએ શ્રી અવતાર સિંહ ભસીન દ્વારા લખાયેલ નવું પુસ્તક 'Nehru, Tibet and China' પ્રકાશિત કર્યું છે. શ્રી અવતાર સિંહ ભસીન મૂળ આર્કઈવલ દસ્તાવેજોના પ્રકાશક પણ છે. 'નેહરુ, તિબેટ અને ચીન' પુસ્તક ભારતની આઝાદીથી 1962ના ભારત–ચીન યુદ્ધ સુધીની વિવિધ વિગતો અને ઘટનાઓ વિશે જણાવે છે.)
10. કોવિડ-19 સામે 100% રસીકરણ પ્રાપ્ત કરનાર કયું શહેર દેશનું પ્રથમ શહેર બન્યું છે ? – ભુવનેશ્વર
11. પ્રધાનમંત્રી કાર્યાલય (PMO)ના સલાહકાર.........એ તાજેતરમાં રાજીનામું આપ્યું છે ? – શ્રી અમરજીત સિન્હા
12. દિલ્હીના મુખ્યમંત્રી શ્રી અરવિંદ કેજરીવાલની અધ્યક્ષતામાં મંત્રીમંડળે ધારાસભ્યોના પગારમાં ......... ટકાનો વધારો કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે ? – 66
13. ટોક્યો પેરા ઓલિમ્પિક 2020 માટે ભારતનું થીમ સોંગ કોણે રચ્યું છે ? – શ્રી સંજીવ સિંહ
14. તાજેતરમાં નિધન પામેલા શ્રી નેલિયોડ વાસુદેવન નંબુદિરી કયા નૃત્ય સાથે સંકળાયેલા છે ? – કથકલી
15. આર્મેનિયાના વડાપ્રધાન તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી નિકોલ પાશિન્યન
16. 'સમગ્ર શિક્ષા યોજના' કેટલા વર્ષ માટે લંબાવવામાં આવી છે ? – 5 વર્ષ
(આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ આગામી પાંચ વર્ષ સુધી શાળાકીય શિક્ષણ માટે 'સમગ્ર શિક્ષા યોજના' ચાલુ રાખવાની મંજૂરી આપી છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

17. તાજેતરમાં કોણે 'Compliance Information Portel' (CPI) લોન્ચ કર્યુ છે ? – CBIC
(તાજેતરમાં CBICએ http:/www.cip.icegate.in/CIP પર ભારતનું કસ્ટમ કમ્પ્લાયન્સ ઈન્ફોર્મેશન પોર્ટલ શરૂ કર્યુ છે. આ પોર્ટલ તમામ કસ્ટમ પ્રક્રિયાઓ અને નિયમનકારી પાલનની માહિતીની મફત એક્સેસ પ્રદાન કરશે. આશરે 12,000 કસ્ટમ ટેરિફ વસ્તુઓ માટે માહિતી પૂરી પાડવામાં આવશે. CBICનું પૂરું નામ 'Central Board of Indirect Taxes and Customs' છે.)
18. તાજેતરમાં કોણે 'ઉતરાખંડમાં ભૂકંપ ચેતવણી' એપ લોન્ચ કરી છે ? – IIT રૂરકી
19. તાજેતરમાં સુશ્રી પદ્મા સચદેવનું નિધન થયું છે. તે કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – સાહિત્ય
(સમકાલિન ડોગરી સાહિત્યના માતા તરીકે જાણીતા સુશ્રી પદ્મા સચદેવનું તાજેતરમાં 81 વર્ષની વયે નિધન થયું છે. તેઓ ડોગરી ભાષાના પ્રથમ આધુનિક મહિલા કવિ હતા.)
20. તાજેતરમાં કઈ હાઈકોર્ટે ઓનલાઈન ગેમ્સ પર પ્રતિબંધ મૂકતા તમિલનાડુના કાયદાને રદ્દ કર્યો છે ? – મદ્રાસ હાઈકોર્ટ
21. કેન્દ્ર સરકારે તાજેતરમાં કયા મંત્રાલયના નેજા હેઠળ સરંક્ષણ સાયબર એજન્સીની સ્થાપનાને મંજૂરી આપી છે ? – સરંક્ષણ મંત્રાલય
22. 'હાઈ ઓન કસોલ' કોની નવલકથા છે ? – શ્રી આદિત્ય કાન્ત
(ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે વરિષ્ઠ પત્રકાર અને લેખક શ્રી આદિત્ય કાંતની પ્રથમ નવલકથા 'હાઈ ઓન કસોલ'નું વિમોચન કર્યુ હતું. આ નવલકથા નશાખોરીથી દૂર રહેવાની યુવાનોને પ્રેરણા આપે છે.)
23. ટોકયો ઓલિમ્પિક 2020માં સેમિફાઈનલ સુધી પહોંચનાર ભારતીય મહિલા હોકી ટીમના કેપ્ટન કોણ છે ? – સુશ્રી રાની રામપલ
24. વર્લ્ડ પોપ્યુલેશન રિવ્યૂના કોસ્ટ ઓફ લિવિંગ ફોર કન્ટ્રીઝ ઈન 2021' રિપોર્ટ મુજબ રહેવા માટે દુનિયાનો સૌથી સસ્તો દેશ કયો છે ? – પાકિસ્તાન
25. વર્લ્ડ પોપ્યુલેશન રિવ્યુના 'કોસ્ટ ઓફ લિવિંગ ફોર કન્ટ્રીઝ ઈન 2021' રિપોર્ટ મુજબ રહેવા માટે દુનિયાનો સૌથી મોંઘો દેશ કયો છે ? – કેમેન ટાપુઓ
26. ઓલિમ્પિકમાં ઘોડેસવારીમાં ઉતરેલા એકમાત્ર ભારતીય ખેલાડીનું નામ જણાવો ? – શ્રી ફવાદ મિર્ઝા ક્રોસ
27. ભારતીય એથ્લેટ સુશ્રી કમલપ્રીત કોર કઈ રમત સાથે સંકળાયેલ છે ? – ડિસ્ક થ્રો
28. યુવા ભારતીય ખેલાડી સુશ્રી સોનમ મલિક કઈ રમત સાથે સંકળાયેલ છે ? – કુસ્તી (રેસલિંગ)
29. કૃષિ ક્ષેત્રના વિકાસ અને ખેડૂતોને વાવણીથી લઈને વેચાણ સુધીની સહાયતા પ્રદાન કરવા માટે ગુજરાત સરકારે કઈ યોજના જાહેર કરી છે ? – સાત પગલાં ખેડૂત કલ્યાણના
30. તાજેતરમાં ભારતના કયા મોટિવેશનલ સ્પીકરના સેલ્ફ એજ્યુકેશન વિડીયોને 'વિશ્વમાં સૌથી વધુ જોવાયેલ જીવન પરિવર્તન કરવા માટેના સ્વ શિક્ષણ વિડીયો માટે ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે ? – શ્રી સંદિપ મહેશ્વરી
31. લોકસભા અને રાજ્યસભા ટીવીને મર્જ કરી કઈ ચેનલ બનાવવામાં આવી છે ? – સંસદ ટીવી
(નવેમ્બર, 2019માં લોકસભાના સ્પીકર શ્રી ઓમ બિરલા અને રાજ્યસભાના ચેરમેન શ્રી વેંકૈયા નાયડુ વચ્ચે વિચાર વિમર્શ કર્યા બાદ પૂર્વ પ્રસાર ભારતીના અધ્યક્ષ શ્રી સૂર્ય પ્રકાશની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી હતી. તેણે ફેબ્રુઆરી 2020માં તેમનો અહેવાલ રજૂ કર્યો હતો. હવેથી લોકસભા અને રાજ્યસભા ટીવીના સ્થાને ફક્ત 'સંસદ ટીવી' રહેશે. નિવૃત IAS અધિકારી શ્રી રવિ કપૂરને ચેનલના કાર્યકારી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.)

JOIN WHATSAPP GROUP joinicerajkot.com

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT